

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 020
Dt.: 28-09-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### મન કી બાતમાં બોલ્યા વડાપ્રધાન મોદી

# આજનું ભારત આતંકવાદનો જડબાતોડ જવાબ આપે છે

### વડાપ્રધાન મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક, ગુજરાતના સોમનાથ મંદિર સ્વાભિમાન યાત્રા, મોઢેરાના સૂર્યમંદિર, જાતિ આધારિત વસ્તી ગણતરી સહીતના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશને સંબોધિત કર્યા. કાર્યક્રમના ૧૩૮મા એપિસોડમાં, વડાપ્રધાન મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક અને જાતિ આધારિત વસ્તી ગણતરી જેવા અનેક મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આવતીકાલે, ૨૮ સપ્ટેમ્બરે, સર્જિકલ સ્ટ્રાઈકની ૧૦મી વર્ષગાંઠ છે. ભારત હવે એવું ભારત નથી રહ્યું; આતંકવાદનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. અગાઉ, શ્રેણીબદ્ધ વિસ્ફોટો સામાન્ય બાબત હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજનું ભારત આતંકવાદ સહન કરી શકતું નથી. અમે આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' (શૂન્ય સહનશીલતા) નીતિ અપનાવી છે. 'મન કી બાત'ના ૧૩૮મા એપિસોડમાં, વડાપ્રધાન મોદીએ બાલાકોટ એર સ્ટ્રાઈકનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ૧૦ વર્ષ પહેલાં, ૨૮-૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ, આતંકવાદ સામે સરહદ પાર આપણી સેનાએ જે બહાદુરી બતાવી હતી તેનાથી વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું હતું. સર્જિકલ સ્ટ્રાઈકે સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની આતંકવાદ-વિરોધી નીતિનું એક નવું ઉદાહરણ હિંમતપૂર્વક રજૂ કર્યું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં, બાલાકોટ એર સ્ટ્રાઈકથી લઈને 'ઓપરેશન સિંદૂર' સુધી, ભારતે વારંવાર સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આતંકવાદીઓ ભારત પર હુમલો કરવાની હિંમત કરશે, તો તેમને જડબાતોડ જવાબ આપવામાં આવશે. આજે ભારત આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવી રહ્યું છે અને આપણે તેના પરિણામો જોઈ રહ્યા છીએ.



PM મોદીએ દેશના જૂના સમયને યાદ કરતાં કહ્યું, "એક સમય હતો જ્યારે ભારતમાં સિરિયલ બ્લાસ્ટ થવા સામાન્ય વાત બની ગઈ હતી. સપ્ટેમ્બરના આ મહિનામાં એટલે કે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ દિલ્હીમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં અનેક નિર્દોષ લોકો માર્યા ગયા હતા. તેના થોડા અઠવાડિયા બાદ જ મુંબઈમાં ૨૬/૧૧નો આટલો મોટો હુમલો થયો હતો."

તેમણે કહ્યું કે અગાઉ દરેક આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સામે કાર્યવાહી કરવાની માંગ થતી હતી, પરંતુ તેના પર એટલું ધ્યાન આપવામાં આવતું નહોતું અને સમય પસાર થવાની રાહ જોવામાં આવતી હતી. PM મોદીએ કહ્યું, "હવે આજનું ભારત આતંકવાદ વિરુદ્ધ ઝીરો-ટોલરન્સ પોલિસી સાથે આગળ વધી રહ્યું છે અને તેના પરિણામો પણ આપણે જોઈ રહ્યા છીએ." પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ વસ્તી ગણતરીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો લગભગ પૂર્ણ થઈ ગયો છે. ૩૨ કરોડથી વધુ પરિવારોની માહિતી નોંધવામાં આવી છે. ઉત્તરાખંડમાં વસ્તી ગણતરીની શરૂઆત ચમોલીના 'માણા' ગામથી થઈ હતી. માણા ગામ દેશના પ્રથમ ગામ તરીકે ઓળખાય છે. વસ્તી ગણતરી એ આપણા બધા માટે એક રાષ્ટ્રીય જવાબદારી છે. ૧૫મી ઓગસ્ટે મેં મારા દેશવાસીઓને એ વાતની પણ અપીલ કરી હતી કે તેઓ આ માટે ચોક્કસપણે સમય ફાળવે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, વિવિધ મુદ્દાઓની સાથેસાથે સોમનાથ સ્વાભિમાન પર્વનો ઉલ્લેખ કર્યો હતો. મહમંદ ગઝનીનો ઉલ્લેખ કરીને મોદીએ કહ્યું કે, સોમનાથ મંદિર તોડીને ભારતની ઓળખ ભૂસવાનો પ્રયાસ કરનારાનો અત્તો પત્તો નથી. વિવિધ મુદ્દાઓની સાથેસાથે ગુજરાતના મોઢેરા અને વિશ્વ હિંદુ પરિષદના અશોક સિંઘલને પણ યાદ કર્યા હતા. ૧૦૨૬માં મોઢેરાના સૂર્ય મંદિર ઉપર પણ હુમલો થયો હતો. આ મંદિર બન્યાને એક વર્ષ થયુ હતુ. રાજા ભીમદેવે પ્રથમે તે બંધાવ્યું હતું.મહમદ ગઝનનો ભીમદેવે ભારે મુકાબલો કર્યો. તેને તોડી પાડવામાં આવ્યું હતું. અલ્લાઉદિન ખીલજીએ વાસ્તુ અને સૂર્યના પ્રતિક સમાન મોઢેરાના મંદિરને તોડી પાડ્યું હતું. આ મંદિર સૂર્ય મંદિર માટે જ નહીં સૂર્ય ઊર્જા માટે પણ જાણીતુ બન્યું છે. દેશવાસીઓને મોઢેરની એકવાર મુલાકાત લેવા માટે અપીલ કરી હતી.

### ૧૦%થી વધુ ગ્રોથનો નાણામંત્રીએ કર્યો દાવો

## ભારતનું અર્થતંત્ર લગાવશે લાંબી છલાંગ : નાણામંત્રી

### તેમણે કૃષિ સહિતના અન્ય ક્ષેત્રોમાં ટેક્નોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો, જે ઉત્પાદકતા વધારવામાં મદદ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે ભારતની અર્થવ્યવસ્થાને લઈને મોટો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે ભારત ૧૦%થી વધુ આર્થિક વિકાસ દર હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આ માટે ટેક્નોલોજી, ઈનોવેશન અને અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં નવી ટેક્નોલોજીને ઝડપથી અપનાવવી જરૂરી રહેશે.



સીતારામણે કહ્યું કે, ભારતની આર્થિક ક્ષમતા વધારવામાં ટેક્નોલોજી અને ઈનોવેશનની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. તેમણે ૨૦૧૫ પછી દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિસ્તારનો પણ ઉલ્લેખ કર્યો. તેમના મતે, નવી ટેક્નોલોજીનો ઉપયોગ માત્ર IT ક્ષેત્ર પૂરતો સીમિત ન રહેવો જોઈએ, પરંતુ કૃષિ સહિતના અન્ય ક્ષેત્રોમાં પણ તેનો વિસ્તાર થવો જોઈએ.

નાણાં મંત્રીએ કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીના ઉપયોગને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યો. આધુનિક ટેક્નોલોજી દ્વારા ખેતીની ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોની આવક સંબંધિત તકો સુધારવાની ક્ષમતા રહેલી છે. આનાથી અર્થતંત્રના મોટા હિસ્સાને વિકાસની પ્રક્રિયા સાથે જોડવામાં મદદ મળી શકે છે. સરકારના ફેબ્રુઆરી ૨૦૨૬ના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનો વાસ્તવિક GDP ગ્રોથ ૭.૪% રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. જ્યારે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં નોમિનલ GDP ગ્રોથ ૧૦% રહેવાનો અંદાજ છે. સરકારના જણાવ્યા અનુસાર, સર્વિસ સેક્ટર ૯.૧%ના દરે વધ્યું, જ્યારે મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શનમાં ૭% વૃદ્ધિનો અંદાજ હતો. ભારતની આર્થિક વૃદ્ધિમાં ઘરેલુ માંગની મહત્વની ભૂમિકા રહી છે. FY26માં પ્રાઈવેટ ફાઈનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (PFCE) ૭% વધવાનો અંદાજ હતો અને GDPમાં તેનો હિસ્સો ૬૧.૫% રહેવાની વાત કહેવામાં આવી હતી. સરકારના જણાવ્યા મુજબ, રોકાણ પ્રવૃત્તિઓમાં પણ મજબૂતી જળવાઈ રહી છે, અને ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (GFCF) માં ૭.૮% વૃદ્ધિનો અંદાજ હતો. જોકે, આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાસ્તવિક GDP ગ્રોથનો અંદાજ ૬.૮-૭.૨% રાખવામાં આવ્યો હતો અને ભારતનો સંભવિત વિકાસ દર લગભગ ૭% આંકવામાં આવ્યો હતો. તેવામાં ૧૦%થી વધુ ગ્રોથનો લક્ષ્યાંક વર્તમાન અંદાજ કરતાં ઘણો વધારે છે. સીતારામણના નિવેદનનો મુખ્ય ફોકસ ટેક્નોલોજી અને ઈનોવેશન દ્વારા ઉત્પાદકતા વધારવા પર છે. આ સાથે જ ભારતે મેન્યુફેક્ચરિંગ, સર્વિસિસ, કૃષિ, સ્ટાર્ટઅપ અને રોકાણ જેવા ક્ષેત્રોમાં સતત વિસ્તાર કરવો પડશે. સરકાર અગાઉ પણ જાહેર રોકાણ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, શ્રમ સુધારા અને અર્થતંત્રના ઔપચારિકીકરણને ઉચ્ચ વિકાસ દરના મુખ્ય આધાર ગણાવતી રહી છે.

### ભારત માટે મોટા સમાચાર

## UNSCની સ્થાયી બેઠક માટે રશિયાએ ખુલ્લેઆમ આપ્યું સમર્થન

### સુરક્ષા પરિષદમાં ફેરફારને લઈને ઘણા દેશોએ વધુ પ્રતિનિધિત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે UNSCમાં ભારતના સ્થાયી સભ્યપદની માગને રશિયાનું ખુલ્લું સમર્થન મળ્યું છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું કે, રશિયા ભારતની સાથે બ્રાઝિલની સ્થાયી બેઠકની દાવેદારીનું પણ સમર્થન કરે છે. સાથે જ તેમણે પશ્ચિમી દેશો માટે નવી સ્થાયી બેઠકો વધારવાનો વિરોધ કર્યો છે.

લાવરોવે કહ્યું કે UNSCમાં સુધારાનો હેતુ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની ભાગીદારી વધારવાનો હોવો જોઈએ. તેમણે ખાસ કરીને જર્મની અને જાપાનને નવી સ્થાયી બેઠક આપવાનો વિરોધ કર્યો છે. રશિયાનું કહેવું છે કે આ વિસ્તારોને પરિષદમાં પૂરતું સ્થાન મળ્યું નથી.

લાવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું કે, સુરક્ષા પરિષદમાં સુધારા હેઠળ પશ્ચિમી દેશો માટે વધારાની સ્થાયી બેઠકો ન હોવી જોઈએ. તેમણે જર્મની અને જાપાનનું નામ લઈને તેમની દાવેદારીનો વિરોધ કર્યો. તેના બદલે રશિયા એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની વધુ ભાગીદારીના પક્ષમાં છે. લાવરોવે આ જ આધાર પર ભારત અને બ્રાઝિલના સ્થાયી સભ્યપદની દાવેદારીનું સમર્થન કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે UNSCમાં સુધારા દરમિયાન આફ્રિકા ખંડના હિતોને ધ્યાનમાં રાખવા જોઈએ. UN મહાસભામાં ચાલી રહેલી વર્તમાન ચર્ચા દરમિયાન ભારતની દાવેદારીને અન્ય દેશોનું સમર્થન પણ મળ્યું છે. મોરિશિયસના વિદેશ મંત્રી ધનંજય રામફુલે G4 અને L69ના વલણનું સમર્થન કરતા ભારતના સ્થાયી સભ્યપદની દાવેદારીનું પુનરાવર્તન કર્યું છે.

બીજી તરફ, પોર્ટુગલે પણ UNSCમાં ફેરફારની જરૂરિયાત જણાવી હતી. ત્યાંના વડાપ્રધાન લુઈસ મોન્ટેનેગ્રોએ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી સુરક્ષા પરિષદની વાત કરી હતી. તેમાં આફ્રિકા, બ્રાઝિલ અને ભારતને સ્થાયી પ્રતિનિધિત્વ આપવાના સમર્થનનો સમાવેશ થાય છે. માર્શલ આઈલેન્ડ્સનાં રાષ્ટ્રપતિ હિલ્ડા હાઈનેએ કહ્યું કે તેમનો દેશ જાપાન અને તેના G4 ભાગીદારોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાયી સભ્યપદ અપાવવાના સમર્થન પર લાંબા સમયથી કાયમ છે. બીજી તરફ, જાપાનનાં વડાપ્રધાન સનાએ તાકાઈચીએ સુરક્ષા પરિષદમાં ફેરફારની માગ કરી હતી. તેમણે કહ્યું કે વર્તમાન વૈશ્વિક સ્થિતિને દર્શાવવા માટે UNSCમાં ફેરફાર થવો જોઈએ. આ માટે તેમણે સ્થાયી અને બિન-સ્થાયી બંને પ્રકારની બેઠકોની સંખ્યા વધારવાની તરફેણ કરી હતી.

આફ્રિકન દેશો તરફથી પણ વધુ પ્રતિનિધિત્વની માગ ઉઠી છે. સીએરા લિયોનના રાષ્ટ્રપતિ જુલિયસ માડા બાયોએ કહ્યું કે UNSC હજુ પણ ૧૯૪૫ની દુનિયાને દર્શાવે છે. તેમણે કહ્યું કે ૧.૬ અબજથી વધુ વસ્તી ધરાવતા આફ્રિકા પાસે પરિષદમાં એક પણ સ્થાયી બેઠક નથી. UNSCમાં કુલ ૧૫ સભ્યો હોય છે. તેમાં ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકા સ્થાયી સભ્યો છે. આ પાંચેય પાસે વીટોનો અધિકાર છે. બાકીના ૧૦ સભ્યો ૨ વર્ષ માટે ચૂંટાય છે. UNSCમાં સ્થાયી સભ્યોની સંખ્યા વધારવા માટે UN ચાર્ટરમાં ફેરફાર કરવો પડશે. તેના માટે મહાસભામાં બે તૃતીયાંશ બહુમતી સાથે બે તૃતીયાંશ સભ્ય દેશોની મંજૂરી જરૂરી છે. તેમાં હાલના પાંચેય સ્થાયી સભ્યોની મંજૂરી પણ સામેલ છે.

## રસ્તો પહોળો કરવાના ચક્કરમાં મુખ્યમંત્રીનું મકાન પણ ઝપેટમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવના ઉજ્જૈનમાં આવેલા પૈતૃક મકાનનો એક ભાગ તોડવામાં આવશે. સિંહસ્થ ૨૦૨૮ ની તૈયારીઓ હેઠળ ઉજ્જૈનમાં રસ્તાઓ પહોળા કરવામાં આવી રહ્યા છે. આ રસ્તા પહોળા કરવાની કામગીરીની ઝપેટમાં સીએમ મોહન યાદવનું પૈતૃક મકાન તેમજ તેમની બહેન કલાવતી યાદવનું મકાન પણ આવ્યું છે.

ઉજ્જૈનના અબ્દાલપુરા વિસ્તારમાં ખજૂરવાળી મસ્જિદથી ગણેશ ચોક સુધીનો રસ્તો પહોળો કરવામાં આવનાર છે. સિંહસ્થ ૨૦૨૮ દરમિયાન ઉજ્જૈનમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આ કામગીરી કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં લગભગ ૨૭૦ મકાનો રસ્તા પહોળા કરવાની કામગીરીથી પ્રભાવિત થશે.

તેમાં મુખ્યમંત્રી મોહન યાદવનું પૈતૃક મકાન પણ સામેલ છે. રસ્તો પહોળો કરવા માટે તેમના મકાનનો લગભગ ૨.૯૦ મીટરનો ભાગ તોડવામાં આવશે. તાજેતરના અહેવાલોમાં આ માર્ગ પર ૨૭૨ ઈમારતો ચિહ્નિત કરવામાં આવી હોવાનું જણાવાયું છે. મુખ્યમંત્રી મોહન યાદવનો આ મકાન સાથે જૂનો સંબંધ છે. તેમના દાદા રામચંદ્ર યાદવે વર્ષ ૧૯૭૪ માં આ મકાન બનાવડાવ્યું હતું. મોહન યાદવ અને તેમના ભાઈ-બહેનોનું બાળપણ આ જ ઘર અને વિસ્તારમાં પસાર થયું હતું. સામાન્ય પરિસ્થિતિઓમાં તેમનું બાળપણ આ જ મહોલ્લામાં વીત્યું હતું. સૂત્રો અનુસાર, કોલેજમાં પ્રથમ વખત વિદ્યાર્થી સંઘની ચૂંટણી જીત્યા બાદ જ્યારે મોહન યાદવ આ મકાનમાં પરત ફર્યા હતા, ત્યારે મહોલ્લાના લોકોએ તેમનું સ્વાગત કર્યું હતું. હવે સિંહસ્થ ૨૦૨૮ માટે થઈ રહેલા વિકાસકાર્યોને કારણે આ જ પૈતૃક મકાનનો એક ભાગ રસ્તો પહોળો કરવા માટે દૂર કરવામાં આવશે. તેની સાથે આસપાસના અનેક મકાનોના ભાગો પણ આ પ્રોજેક્ટની ઝપેટમાં આવી રહ્યા છે.

## ભારતે એશિયન ગેમ્સમાં રવિવારે ૨ સિલ્વર મેડલ જીત્યા

### સ્ક્વોશની મેન્સ સિંગલ્સ સ્પર્ધામાં અભય સિંહને મલેશિયાના ઈયાન યાઉએ સીધા સેટોમાં ૧૧-૯, ૧૧-૫, ૧૧-૫ થી હરાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

૨૦૨૬ એશિયન ગેમ્સમાં આજે નવમો દિવસ છે. ભારતીય ખેલાડીઓએ આઠમા દિવસે કુલ ૭ મેડલ જીત્યા હતા, જ્યાં બંને કબડ્ડી ટીમોએ ગોલ્ડ મેડલ પર નિશાન સાધ્યું હતું. સાતમાં દિવસના અંતે ભારત પાસે ૪ ગોલ્ડ સહિત ૩૦ મેડલ હતા. એશિયાઈ રમતોના નવમા દિવસે ભારતના ખેલાડીઓ ૧૫ રમતોમાં ભાગ લેવા મેદાનમાં ઉતર્યા છે. એથલેટિક્સ, સ્ક્વોશ અને વેઈટલિફ્ટિંગ સહિત અન્ય રમતોમાં ભારતીય એથ્લેટ્સ મેડલ માટે દાવેદારી રજૂ કરી.

ભારતે એશિયન ગેમ્સમાં રવિવારે ૨ સિલ્વર મેડલ જીત્યા. રવિવારે અભય સિંહ અને અનાહત સિંહ સ્ક્વોશમાં પોતપોતાના ફાઈનલ મેચ હારી ગયા. અભય સિંહને મેન્સ સિંગલ્સના ફાઈનલમાં મલેશિયાના એનજી એઈન યોવે ૩-૦ થી હરાવ્યો. જ્યારે, અનાહતને મલેશિયાની શિવાસંગરી સુબ્રમણિયમે ૩-૦ થી માત આપી.

સ્ક્વોશની મેન્સ સિંગલ્સ સ્પર્ધામાં અભય સિંહને મલેશિયાના ઈયાન યાઉએ સીધા સેટોમાં ૧૧-૯, ૧૧-૫, ૧૧-૫ થી હરાવી દીધો છે. અભયને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો.

અભય સિંહ બાદ ૧૮ વર્ષની અનાહત સિંહે પણ સિંગલ્સ સ્ક્વોશ સ્પર્ધામાં નિરાશ કર્યા છે. તેમને મલેશિયાની શિવાસંગરી સુબ્રમણ્યમે ૧૧-૪, ૧૧-૪, ૧૧-૭ ના અંતરથી સીધા સેટોમાં ૩-૦ થી હરાવી દીધી. અનાહતને પણ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો છે.

ભારતને દિવસનો બીજો મેડલ મળ્યો છે. તેના કુલ મેડલની સંખ્યા ૩૨ પહોંચી ગઈ છે. જેમાં ૪ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને ૧૪ બ્રોન્ઝ સામેલ છે. ઈન્ડિયા ૧૨મા સ્થાને આવી ગયું છે.

લોંગ જમ્પર મુરલી શ્રીશંકર અને ડેવિડ સોલોમણે એથલેટિક્સના મેન્સ લોંગ જમ્પ ઈવેન્ટના ફાઈનલ માટે ક્વોલિફાઈ કર્યું. વળી, પીવી સિંધુ બેડમિન્ટનના વિમેન્સ સિંગલ્સનો ક્વાર્ટર ફાઈનલ હારી ગયા છે. તેમને ચીનની ચેન યુફેઈએ ૧૧-૨૧, ૨૧-૧૮, ૨૧-૧૦ થી હરાવ્યા.

પ્રવીણ હુડ્ડાએ ઉઝબેકિસ્તાનની બોક્સરને ૫-૦થી હરાવીને મહિલાઓની ૬૫ કિગ્રા બોક્સિંગ સ્પર્ધાની સેમી-ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. આ સાથે તેમણે ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ નિશ્ચિત કરી લીધો છે.




# તંત્રી લેખ......

## ચોમાસાની વિદાય ટાણે અર્નબ વાવાઝોડાનું તાંડવ

બંગાળની ખાડીમાં ઉઠેલા અર્નબ વાવાઝોડાંએ હવે ઉત્તર પ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. ઉત્તર પ્રદેશના ૬૩ જિલ્લામાં સામાન્ય કરતાં ૧૯ ગણો વરસાદ પડયો હતો. અનેક જિલ્લામાં વૃક્ષો, કાચી દિવાલો અને મકાનો તૂટી પડતાં ૪૨ લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા.

ઝારખંડમાં વંટોળિયા વરસાદથી નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા અને ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બિરસા મુંડા એરપોર્ટ પર છ ફ્લાઈટ રદ કરાઈ હતી. ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદના કારણે ફરી એક વખત ચારધામ યાત્રા સસ્પેન્ડ કરાઈ હતી. અર્નબ વાવાઝોડું આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠા પર ત્રાટક્યા પછી શનિવારે છેક ઉત્તર પ્રદેશ સુધી તેની અસર જોવા મળી હતી. ઉત્તર પ્રદેશમાં મૂશળધાર વરસાદ ખાબક્યો હતો અને તોફાની પવન ફૂંકાયો હતો. અલગ અલગ જિલ્લાઓમાં વૃક્ષો, કાચી દિવાલો અને મકાન પડવાની ઘટનાઓમાં ૪૨ લોકોનાં મોત નીપજ્યાં હતા. અવધ ક્ષેત્રમાં ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા જ્યારે બુંદેલખંડ અને મધ્ય ઉત્તર પ્રદેશમાં આઠ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. ઉત્તર પ્રદેશના ૬૩ જિલ્લાઓમાં સામાન્યથી વધુ વરસાદ ખાબક્યો હતો. કેટલાક જિલ્લામાં ફ્લેશ ફ્લડનું જોખમ સર્જાયું હતું. મૂશળધાર વરસાદ, વાવાઝોડાં અને તિવ્ર પવન ફુંકાવાના કારણે ગ્રામીણ વિસ્તારોમાં ઊભા પાકને નુકસાન થયું હતું જ્યારે રાજ્યમાં કુલ ૧૦૦ થી વધુ ઘરોને નુકસાન થયું હતું. ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સામાન્ય કરતાં ૧૯ ઘણો વધુ વરસાદ નોંધાયો હતો. લખનઉમાં ૨૧ કલાકમાં ૧૨૫.૮ મીમી વરસાદ ખાબક્યો હતો. ફરૂખાબાદમાં સામાન્ય કરતાં ૨૦૦ ગણો, કાનપુર નગરમાં ૧૬૦ ગણો અને કન્નૌજ, કાનપુર દેહાત તથા હરદોઈમાં ૧૩૦ ગણો વરસાદ પડયો હતો. ઉત્તર પ્રદેશમાં અનેક જિલ્લાની સ્કૂલો બંધ રખાઈ હતી. મેરઠથી પ્રયાગરાજને જોડતા રૂ. ૩૬૫૦૦ કરોડના ખર્ચે બનાવાયેલા ગંગા એક્સપ્રેસ વે પર ઉન્નાવ નજીક સોનિક અને બશીરતગંજ વચ્ચે લગભગ અડધો કિ.મી. સુધી ૩ ફૂટ જેટલા પાણી ભરાતા એક્સપ્રેસ વે સ્વિમિંગ પૂલ બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી, જેથી વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ઉત્તર પ્રદેશમાં ખાબકેલા વરસાદની અસર દિલ્હી-એનસીઆર સુધી અનુભવાઈ હતી. દિલ્હી, નોઈડા અને આજુબાજુના વિસ્તારોમાં શનિવારે સવારે કાળા વાદળ છવાયા હતા. દિલ્હીમાં હવામાન બદલાતા તાપમાન સાત ડિગ્રી જેટલું ગગડી ગયું હતું. ઝારખંડમાં મૂશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા, જેના કારણે સામાન્ય વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. બિરસા મુંડા એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાનના કારણે છ ફ્લાઈટ રદ કરાઈ હતી. રાંચિ, જમશેદપુર સહિત અનેક જિલ્લામાં શનિવારે પણ સ્કૂલો બંધ રખાઈ હતી.

પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં સુવર્ણરેખા નદીમાં પાણી જોખમી સ્તરથી ૨.૦૨ મીટર ઉપર વહેતા હતા જ્યારે ખારકાઈ નદીમાં જોખમી સ્તરથી ૪.૫૦ મીટર ઊંચા પાણી ગયા હતા. રાંચિના હતિઆ, ગેતલસુદ સહિત અનેક બંધમાં જળસ્તર વધી ગયું હતું.ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદના કારણે આ વર્ષે અનેક વખત બંધ કરાયેલી ચારધામ યાત્રા ફરી એક વખત બંધ કરાઈ હતી. હવામાન વિભાગે અનેક જિલ્લામાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરતા સ્કૂલો બંધ રખાઈ હતી. હિમાચલ પ્રદેશના આદિવાસી જિલ્લાઓ, કિન્નૌરમાં સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી જ્યારે શિમલા અને ધર્મશાળા સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ પડયો હતો. પર્વતીય વિસ્તારોમાં બે ઓક્ટોબર સુધી હળવાથી ભારે વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

### મમતા બેનરજીનો ઝટકો!

## SIRના કારણે ૩૧ બેઠકો હાર્યા હોવાના દાવા પર ECનો વળતો જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ હવે મતદાર યાદી સુધારણા પ્રક્રિયા એટલે કે જીંઈ ને લઈને સર્જાયેલો વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. તૃણમૂલ કોંગ્રેસનું કહેવું છે કે, મતદાર યાદીમાંથી જે નામો કાઢી નાખવામાં આવ્યા, તેના કારણે પાર્ટીને ૩૧ બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો છે. આ બેઠકો પર જીત-હારનું જે અંતર હતું તેના કરતાં મતદાર યાદીમાંથી હટાવાયેલા મતોની સંખ્યા વધુ હતી, તેથી આ ૩૧ બેઠકો પર ફરીથી ચૂંટણી કરાવવી જોઈએ. બીજી તરફ, ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને આ તમામ દાવાઓને નકારી કાઢ્યા છે અને આંકડાઓની રજૂઆત સામે વાંધો ઉઠાવ્યો છે.

આ સમગ્ર મામલાની શરૂઆત તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયન દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઓથી થઈ હતી. તેમના મતે ચૂંટણીમાં ૩૧ એવી બેઠકો રહી જ્યાં જીતનું અંતર જીંઈ દરમિયાન રદ કરાયેલા મતદારો કરતાં પણ ઓછું હતું. ઉદાહરણ તરીકે, એક બેઠક પર જીત-હારનો તફાવત માત્ર ૪૦૧ મતોનો હતો, જ્યારે ત્યાંથી ૮,૭૮૫ જેટલા મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. આ જ દલીલના આધારે પરિણામો પર સવાલ ઉઠાવીને ફરી ચૂંટણી યોજવાની માંગ કરવામાં આવી. સુપ્રીમ કોર્ટે આ અંગે ટિપ્પણી કરતા જણાવ્યું કે, માત્ર હટાવાયેલા નામો અને જીતના અંતરની સરખામણી કરવાથી આખી હકીકત સ્પષ્ટ થતી નથી,. કોર્ટે એ પણ પૂછ્યું કે, શું આ તમામ બેઠકો પર કાયદેસર ચૂંટણી અરજીઓ થઈ છે ખરી?

ચૂંટણી પંચે TMCના આક્ષેપોનો આપ્યો વળતો જવાબ

૧. દરેક રદ થયેલું નામ SIR જ્યુડિશિયલ પ્રક્રિયાનું નથી

ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે સામે પક્ષે રજૂ કરાયેલા આંકડાઓમાં ASDD એટલે કે ગેરહાજર, સ્થળાંતરિત, મૃત્યુ પામેલા અને ડુપ્લિકેટ મતદારોનો પણ સમાવેશ કરી દેવાયો છે. આ પ્રકારના નામો યોગ્ય ચકાસણી અને નિયમ મુજબ હટાવાયા હતા, જેથી તેમને ન્યાયિક અધિકારીઓના આદેશથી રદ થયેલા નામો સાથે જોડી શકાય નહીં.

૨. ઘણી બેઠકો પર હારનું અંતર રદ થયેલા નામો કરતાં વધુ

પંચે દલીલના સમર્થનમાં ચાર બેઠકોના આંકડા ટાંક્યા છે. દિનહાટામાં હારનો તફાવત ૧૭,૪૪૭ મતોનો હતો જ્યારે ન્યાયિક તપાસ બાદ રદ થયેલા નામો ૧૭,૨૭૪ હતા.

ખરગ્રામ (SC) બેઠક પર તફાવત ૯,૩૩૩ હતો અને નામો ૪,૨૫૮ રદ થયા હતા. બાલી બેઠક પર અંતર ૧૧,૯૯૭ હતું અને નામો ૧૧,૩૮૬ હતા, જ્યારે હાવડા ઉત્તરમાં ૧૧,૨૫૦ મતોના અંતર સામે ૧૧,૧૭૯ નામો રદ થયા હતા. એટલે કે અહીં હાર-જીતનું અંતર હટાવાયેલા મતો કરતાં મોટું હતું.

૩. માત્ર હારેલી બેઠકો જોઈને નિર્ણય ન થઈ શકે

ચૂંટણી પંચે જણાવ્યું કે જો આ જ તર્ક લાગુ કરવામાં આવે તો TMC જીતી હોય તેવી ૨૧ બેઠકો પણ એવી છે જ્યાં જીતના માર્જિન કરતાં રદ થયેલા નામોની સંખ્યા વધારે હતી.

### સિવિલ હોસ્પિટલના સંકલનથી અંગ અને પેશી દાનનો આંકડો ૧૧૦૦ને પાર

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૨૫૬મું અંગદાન: ૪૬ વર્ષીય મહેશભાઈના અંગદાનથી ૫ દર્દીઓને નવજીવન

### નડિયાદના પરિવારે દુઃખની ઘડીમાં લીધો સંવેદનશીલ નિર્ણયઃ ૫ દર્દીઓ માટે આશાનું કિરણ બન્યા મહેશભાઈ



અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વધુ એક સફળ અંગદાન નોંધાયું છે, જે રાજ્ય સરકાર અને સિવિલ હોસ્પિટલ તંત્રના અંગદાન પ્રત્યેના સંવેદનશીલ અને ઉમદા પ્રયાસોની ઉત્કૃષ્ટ મિસાલ પૂરી પાડે છે.

ખેડા જિલ્લાના નડિયાદના રહેવાસી ૪૬ વર્ષીય લખમણી મહેશભાઈને ગત ૨૪ સપ્ટેમ્બરના રોજ અકસ્માત નડતા પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સઘન સારવાર અર્થે ૨૫ સપ્ટેમ્બરના રોજ તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

તબીબોની તમામ સઘન સારવાર અને પ્રયાસો છતાં તેમની તબિયતમાં સુધારો ન થતાં, ૨૬ સપ્ટેમ્બરના રોજ તબીબી તપાસ અને જરૂરી પ્રોટોકોલ મુજબ તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.આ દુઃખદ પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. જીનેન પંડ્યાએ મહેશભાઈના પત્ની અમિતાબેનને અંગદાનના મહત્વ અને તેનાથી જરૂરિયાતમંદ દર્દીઓને મળતા જીવનદાન અંગે માર્ગદર્શન આપ્યું હતું. પતિને ગુમાવવાના અસહ્ય દુઃખ વચ્ચે પણ અમિતાબેને પરોપકારની ભાવના સાથે પતિના અંગોનું દાન કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો હતો, જેનાથી પાંચ દર્દીઓને નવજીવન મળવાની આશા જાગી છે.

મહેશભાઈના અંગદાનથી કુલ પાંચ અંગો પ્રાપ્ત થયા છે, જેમાં એક હૃદય, એક લીવર, બે કિડની અને એક સ્વાદુપિંડ (પેનક્રિયાસ)નો સમાવેશ થાય છે. જેમાંથી લીવર, બે કિડની તેમજ પેનક્રિયાઝને સિવિલ મેડિસિટી કેમ્પસમાં જ આવેલી કિડની હોસ્પિટલમાં તેમજ હૃદયને સિવિલ મેડીસીટી કેમ્પસની યુએન મહેતા હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યા છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં ૨૫૬ અંગદાતાઓ પાસેથી કુલ ૮૪૯ અંગોનું દાન પ્રાપ્ત થયું છે, જેમાં ૨૩૦ લીવર, ૪૭૨ કિડની, ૨૪ સ્વાદુપિંડ, ૮૧ હૃદય, ૩૪ ફેફસાં, ૬ હાથ અને ૨ નાના આંતરડાંનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨૦૪ ચક્ષુ અને ૫૦ ચામડી સહિતની ૨૫૪ પેશીઓનું પણ દાન પ્રાપ્ત થયું છે. આમ, અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધીમાં કુલ ૧૧૦૩ અંગો અને પેશીઓનું દાન સફળતાપૂર્વક મેળવીને દર્દીઓ સુધી પહોંચાડવામાં આવ્યું છે, જેનાથી અંગદાન અને પેશી દાનનો કૂલ આંકડો ૧૧૦૦ને પાર કરી ગયો છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, “અંગદાનની દરેક ઘટના પાછળ એક પરિવારનું મોટું દુઃખ અને માનવતાનો એક મહાન નિર્ણય જોડાયેલો હોય છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમ દ્વારા સતત કરવામાં આવતા પ્રયાસો, સમયસર કાઉન્સિલિંગ, તબીબી ટીમો સાથેનું સંકલન અને પરિવારજનોને આપવામાં આવતું માર્ગદર્શન અંગદાનની સમગ્ર પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મહેશભાઈના પરિવારજનો દ્વારા દુઃખની આ ઘડીમાં લેવામાં આવેલો અંગદાનનો નિર્ણય સમાજ માટે પ્રેરણારૂપ છે.’’ તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અંગદાનના આ સતત પ્રયાસોમાં સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમ, તબીબો, કાઉન્સિલરો, નર્સિંગ અને અન્ય સહાયક સ્ટાફ દ્વારા કરવામાં આવતી સતત કામગીરી અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

- મિનેશ પટેલ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે આયોજિત અશોકજી સિંઘલની જન્મશતાબ્દી સંગોષ્ઠીમાં સહભાગી થયા




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત ‘અશોકજી સિંઘલ જન્મશતાબ્દી સંગોષ્ઠી’માં ઉપસ્થિત રહી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે અશોકજી સિંઘલ એક તપસ્વી રાષ્ટ્રસાધક અને સાંસ્કૃતિક ચેતનાના સંવાહક હતા. તેમનું સમગ્ર જીવન દેશ, આધ્યાત્મિક પરંપરા અને સનાતન સંસ્કૃતિના સંરક્ષણ તથા રાષ્ટ્રજીવનમાં જાગૃતિ માટે સમર્પિત રહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે કરોડો હિંદુઓની આસ્થાના કેન્દ્ર એવા અયોધ્યામાં ભવ્ય-દિવ્ય રામમંદિરના નિર્માણ માટે અશોકજી સિંઘલે કરેલો સંઘર્ષ અને સંકલ્પ આજે સાકાર થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ અને પ્રાણપ્રતિષ્ઠાનો ઐતિહાસિક પ્રસંગ અશોકજી સિંઘલ સહિત અનેક રાષ્ટ્રસાધકોના સંકલ્પને સિદ્ધિ સુધી પહોંચાડનાર બની રહ્યો છે.

તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની સાંસ્કૃતિક વિરાસતના પુનર્જાગરણ સાથે વિકાસને પણ નવી ગતિ મળી છે. સોમનાથ સ્વાભિમાન પર્વ, કાશી વિશ્વનાથ ધામ, કેદારનાથ ધામ, અંબાજી કોરિડોર સહિતના વિવિધ પ્રકલ્પો દ્વારા ‘વિરાસત ભી, વિકાસ ભી’નો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનું કાર્ય થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે અશોકજી સિંઘલે હિંદુ સમાજની એકતા માટે વિશાળ હિંદુ સંમેલનોનું આયોજન કરી, વેદ, સંસ્કૃત, ગૌ, ગંગા, તીર્થ, તીર્થપુરોહિત, ધર્માચાર્યો અને મઠ-મંદિરોની પ્રાચીન પરંપરાના પુનઃસ્થાપન માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમના વિચારો અને કાર્યએ અનેક યુવાનોના અંતરમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાની જ્યોત પ્રજ્વલિત કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જાહેરજીવનની ૨૫ વર્ષની સેવા-યાત્રા અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ‘સેવા સંકલ્પ અભિયાન’ દ્વારા સેવા, સુશાસન અને રાષ્ટ્રપ્રથમની ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અશોકજી સિંઘલના જીવનમાંથી આગામી પેઢીએ રાષ્ટ્રપ્રથમ, સંકલ્પનિષ્ઠા, સાધના અને સમર્પણનો સંદેશ ગ્રહણ કરવો જોઈએ.

તેમણે યુવાનોને અપીલ કરતાં જણાવ્યું કે દેશની સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિરાસતનું જતન કરવાની સાથે આધુનિક અને વિકસિત ભારતના નિર્માણમાં પણ સૌએ પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. અશોકજી સિંઘલના વિચારો અને જીવનકાર્યને નવી પેઢી સુધી પહોંચાડવું એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

મુખ્યમંત્રીશ્રીએ અશોકજી સિંઘલની રાષ્ટ્રસેવા અને સાંસ્કૃતિક પુનર્જાગરણની યાત્રાને નમન કરતાં ‘ભારત માતાની જય’ અને ‘વંદે માતરમ્’ના જયઘોષ સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સંતો- મહંતો અને વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓ સાથે અશોકજી સિંઘલના જીવન પર આધારિત ડોક્યુમેન્ટ્રી પણ નિહાળી હતી. આ અવસરે વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય સંયુક્ત મહાસચિવ ડૉ. સૂરેન્દ્ર જૈન, પૂજ્ય સંતો-મહંતો સર્વે પુરુષોત્તમ શાસ્ત્રીજી, ધર્મનંદન કોઠારી મહારાજ, ભગવંતદાસજી, મોહનદાસજી, સતનામસિંહ, ડૉ. ખુશરૂ હોમી ઘડિયાલી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સહકાર્યવાહ શ્રી સુનીલ બોરીસા, શ્રી મગનભાઈ પટેલ, વિશ્વ હિંદુ પરિષદ ગુજરાતના મહામંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, ગુજરાતના પ્રમુખ શ્રી હર્ષદભાઈ ગિલિટવાલા, કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ શ્રી અંકુરભાઈ સહિત સંતો, મહાનુભાવો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં SZVS Business Expo-2026નું ભવ્ય ઉદ્ઘાટન

### પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે ૮૦ જેટલા વિવિધ સ્ટોલ સાથે બિઝનેસ એક્સ્પોનું આયોજન










મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે શ્રી ઝાલાવાડ વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત SZVS Business Expo-2026નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સમાજના સભ્યોના ઉત્થાન અને પ્રગતિ સાથે સરકારની વિવિધ વિકાસલક્ષી પહેલોનો લાભ સમાજના વધુમાં વધુ લોકો સુધી પહોંચે તેમજ સમાજ સર્વાંગી વિકાસની દિશામાં આગળ વધે તેવા આશયથી આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બિઝનેસ એક્સ્પોમાં મેન્યુફેક્ચરિંગ, સર્વિસ પ્રોવાઈડર, ઈન્ડસ્ટ્રિયલ, બિલ્ડિંગ મટિરિયલ્સ, જ્વેલરી, ઈન્ટિરિયર ડિઝાઈનર, ઈન્ટિરિયર, ઈન્સ્યોરન્સ, મ્યુચ્યુઅલ ફંડ, ફેશન ડિઝાઈનર, ખાણીપીણીના સ્ટોલ સહિતના વિવિધ ક્ષેત્રોના આશરે ૮૦ જેટલા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ, તેના વિશે વિગતવાર જાણકારી મેળવી હતી.

આ એક્સ્પોનું આયોજન સમાજના પ્રમુખ અપૂર્વ સંઘવી, ઉપપ્રમુખ અજય દોશી, મંત્રી દર્શન સંઘવી, સહમંત્રી અલ્પેશ ધોળકિયા, ખજાનચી ભાવિક વસાણી તથા સહ ખજાનચી વિવેક શાહ સહિતની ટીમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કમિટી સભ્યો સર્વ શ્રી હિતેશ સંઘવી, ભાવેશ હકાણી, નિલય શાહ, ચૈતન્ય સંઘવી, ઋષભ સંઘવી, હાર્દિક ગોપાણી, હિતેન સંઘવી, વિશાલ સંઘવી અને અંકિત શાહ સહિત સમાજના અગ્રણીઓ, ઉદ્યોગકારો, વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દુષ્કર્મ બાદ વિદ્યાર્થિનીએ આત્મહત્યા કર્યાની વાત ફેલાઈ

## ૨૦૦૦ વિદ્યાર્થીઓની લવલી યુનિવર્સિટીમાં તોડફોડ-આગચંપી

(સંપૂર્ણ સમાચાર સેવા)જાલંધર

પંજાબના જાલંધર ખાતે આવેલી પ્રખ્યાત ’લવલી પ્રોફેસનલ યુનિવર્સિટી’ (LPU)માં શનિવારે મોડી રાત્રે અચાનક ભારે હિંસક વિરોધ પ્રદર્શન અને હોબાળો મચી ગયો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સેંકડો વિદ્યાર્થીઓ કેમ્પસમાં તોડફોડ કરતા અને પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓના આ ઉગ્ર આક્રોશને કારણે જાલંધર નેશનલ હાઈવે પર કલાકો સુધી ભારે ચક્કાજામ સર્જાયો હતો. રવિવારે સવારે પણ યુનિવર્સિટીના મુખ્ય ગેટ પર વિદ્યાર્થીઓએ ધરણા ચાલુ રાખ્યા હતા, જેના કારણે પરિસ્થિતિ તણાવપૂર્ણ બની હતી.

વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓનો આરોપ છે કે, કેમ્પસમાં એક વિદ્યાર્થીની સાથે કથિત રીતે દુષ્કર્મ (રેપ) ની ઘટના બની હતી. ત્યારબાદ તેને ઘરે મોકલી દેવાઈ હતી, જ્યાં તેણે માનસિક આઘાતમાં આવીને આત્મહત્યા કરી લીધી હતી. વિદ્યાર્થીઓએ એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટી પ્રશાસન અને સિક્યોરિટી ગાર્ડ્સ આ સમગ્ર મામલાને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને સવાલ પૂછવા પર તેમની સાથે ગેરવર્તણૂક કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ જાલંધર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વિદ્યાર્થીઓને શાંત પાડવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

વિદ્યાર્થીઓના આક્રોશ અને કેમ્પસમાં થયેલી તોડફોડ અંગે LPUના રજિસ્ટ્રાર ડૉ. મોનિકા ગુલાટીએ સત્તાવાર નિવેદન આપતાં દુષ્કર્મની વાતને સખત શબ્દોમાં નકારી કાઢી છે. તેમણે ષડયંત્રનો આરોપ લગાવતા કહ્યું કે, કેટલાક અસામાજિક તત્વો સોશિયલ મીડિયાના માધ્યમથી સંપૂર્ણપણે ખોટી, પાયાવિહોણી અને મનઘડત અફવાઓ ફેલાવી રહ્યા છે. આ યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનું અને શાંતિપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ ડહોળવાનું એક સુઆયોજિત ષડયંત્ર હોય તેમ જણાય છે.

પ્રશાસને વિદ્યાર્થીઓ, વાલીઓ અને સામાન્ય જનતાને વિનંતી કરી છે કે આવી કોઈ અફવાઓ પર વિશ્વાસ ન કરવો અને માત્ર યુનિવર્સિટીના સત્તાવાર માધ્યમો દ્વારા મળતી માહિતી પર જ ભરોસો રાખવો. અત્યારે પોલીસ પ્રશાસન દ્વારા સ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો ચાલી રહ્યા છે. SSP ગૌરવ તૂરાના જણાવ્યું કે, અત્યાર સુધી પોલીસને આ ઘટનાની પુષ્ટિ કરતો કોઈ પુરાવો નથી મળ્યો અને પોલીસ પાસે કોઈ ફરિયાદ પણ નથી આવી. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની મિલકતને ભારે નુકસાન પહોંચાડ્યું છે, જેમાં તોફાન અને તોડફોડ સામેલ છે. વિદ્યાર્થીઓએ નેશનલ હાઈવે પણ ઘેરી લીધો હતો, પરંતુ હવે હાઈવે ખુલ્લો છે. સ્થિતિ હવે કાબૂમાં કરી લેવામાં આવી છે.

પોલીસનું કહેવું છે કે વિરોધ પ્રદર્શનમાં લગભગ ૨,૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો . પ્રદર્શન ગર્લ્સ હોસ્ટેલ નજીક શરૂ થયું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ કેમ્પસમાં તોડફોડ કરી, મિલકતને નુકસાન પહોંચાડ્યું, બારીઓના કાચ તોડ્યા, ઈંટો અને કૂંડાં ફેંક્યા અને કેમ્પસની અંદર ઈમારતોના કેટલાક ભાગોમાં આગ ચાંપી દીધી.

## અભિવાદન સમારોહમાં સાંસદ મનસુખ વસાવા બરાબરના બગડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજપીપળા

નર્મદા જિલ્લા ભાજપના નવા પ્રમુખ શબ્દશરણ તડવી અને પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ નીલ રાવના અભિવાદન સમારોહમાં સાંસદ મનસુખ વસાવા સ્ટેજ પર જ ભારે ગુસ્સે ભરાયા હતા. તેમણે પક્ષના જ કેટલાક આગેવાનો અને કાર્યકરોની આંતરિક પ્રવૃત્તિઓ સામે આકરા પ્રહારો કરીને ખુલ્લી ચેતવણી આપી હતી. રાજપીપળા કમલમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તેમના આકરા વલણથી સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મનસુખ વસાવાએ ભાજપમાં રહીને વિરોધ પક્ષો જેવા કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને મદદ કરનારા લોકો સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ભાજપમાં રહીને આપ વાળા સાથે દોસ્તી રાખશો તો પક્ષ ક્યારેય સફળ થશે નહીં. તેમણે કાર્યકરોને ટકોર કરતા કહ્યું કે, જેને આ વાતથી ખોટું લાગતું હોય તે ભાજપમાંથી નીકળી જાય, પણ આવી પક્ષવિરોધી પ્રવૃત્તિઓ કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

સાંસદે દેડિયાપાડા વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની જીત અંગે પણ ભાજપના જ કેટલાક આગેવાનોને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૈતર વસાવાને જીતાડવામાં આપણા ભાજપના જ કેટલાક લોકોએ મદદ કરી હતી. આ ઉપરાંત, આપના ઉમેદવાર અંબાજી રથ લઈને નીકળ્યા ત્યારે ભાજપના જ હોદ્દેદારો તેમનું સન્માન કરવા ગયા હોવાની ઘટનાને ટાંકીને તેમણે પક્ષની છબી ખરડાવતા આગેવાનોની આકરી ટીકા કરી હતી.

પોતાના સંબોધનમાં મનસુખ વસાવાએ ભ્રષ્ટાચાર અને નબળા કામો સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે ગંભીર આરોપ લગાવ્યો હતો કે ભાજપમાં સત્તા પર બેઠેલા કેટલાક આગેવાનો તલાટીને હપ્તા આપે છે અને નગરપાલિકામાં પણ ગુણવત્તા વગરના નબળા કામો થઈ રહ્યા છે, જેના કારણે વિપક્ષને મુદ્દો ઉઠાવવાની તક મળે છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે કામ ભલે ભાજપ વાળા કરે પણ કામની ક્વોલિટી જાળવવી અનિવાર્ય છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર, રેપિડ રેલ સિસ્ટમ, પ્રીમિયમ સ્ટેશન જેવી તમામ સુદ્રઢ સુવિધાઓ શરૂ થઈ હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ

# ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ, સાબરમતી ખાતે સાબરમતી રેલ્વે સ્ટેશનના પુનઃ વિકાસ કાર્યોની સમીક્ષા મુલાકાત તેમજ દેશની પ્રથમ LNG ટ્રેનનો શુભારંભ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, આજરોજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ, સાબરમતી ખાતે સાબરમતી રેલ્વે સ્ટેશનના પુનઃ વિકાસ કાર્યોની સમીક્ષા મુલાકાત તેમજ દેશની પ્રથમ ન્દ્રય ટ્રેનનો શુભારંભ કાર્યક્રમ યોજાઈ ગયો હતો.



**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સેવાકાળમાં બાયો ટોઈલેટ, LBH કોચનું ઉત્પાદન, રેલવેનું વિદ્યુતીકરણ, રેલ્વે સુરક્ષા બજેટ, લોકોમેટિવ ઉત્પાદનની ક્ષમતા અને નવા નિર્માણ થતા એન્જિનમાં ઐતિહાસિક વૃદ્ધિ થઈ હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ**

અત્રે નોંધનીય છે કે ભારતની પ્રથમ એલ.એન.જી. (Liquefied Natural Gas - પ્રવાહી કુદરતી ગેસ) આધારિત ટ્રેન ભારતીય રેલવે દ્વારા ગુજરાતના અમદાવાદ (સાબરમતી) ખાતે સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે. જે ગ્રીન એનર્જી તરફ ભારતીય રેલવેનું એક ઐતિહાસિક પગલું છે.

આ ટ્રેઈન પરંપરાગત ડીઝલ વપરાશમાં સીધી રીતે ૪૦ ટકા સુધીની ઘટાડો કરે છે. આ ઉપરાંત આ ટેકનોલોજીના કારણે ટ્રેનમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) અને નાઈટ્રોજન ઓક્સાઈડ જેવા ઝેરી અને હાનિકારક વાયુઓનું પ્રમાણ ઘણું ઓછું થાય છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય રેલનો કાયાકલ્પ થઈ રહ્યો છે ત્યારે રેલવે નેટવર્કને સંપૂર્ણપણે પ્રદૂષણ મુક્ત કરવાના અને નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન ના વૈશ્વિક લક્ષ્યને પ્રાપ્ત કરવામાં આ LNG ટ્રેન એક મહત્વનો માઈલસ્ટોન સાબિત થશે.

આ પ્રસંગેશ્રી અમિતભાઈ શાહે સંબોધન કરતા જણાવ્યું કે, સાબરમતીની ધરતી આત્મબળ અને પ્રયોગોની ધરતી છે. અહીંયાથી થોડાક જ કી.મી દૂર મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમને સમગ્ર દેશની આઝાદી માટેના આંદોલનનું કેન્દ્ર બનાવ્યું હતું. આ જ ભૂમિ ઉપર બાપુએ સત્યાગ્રહ, સાદું જીવન, ગ્રામીણ વિકાસ અને ખાદી જેવા પ્રયોગોને આ જ અમદાવાદમાં જમીન પર ઉતારવાની શરૂઆત કરી હતી.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, સાબરમતી મંડલમાં ભારતીય રેલ્વેની વિવિધ પરિયોજનાઓ શરૂ થઈ રહી છે. આ પરિયોજનાઓ પર્યાવરણ, પ્રજાજનોની સુવિધાઓ અને સુરક્ષા માટે જોડાયેલી છે. પહેલા દિલ્લીના પ્રવાસથી અમદાવાદ સુધી રેલ્વે મુસાફરી દરમ્યાન સાબરમતી રેલ્વે સ્ટેશનને નજીકથી જોયું છે. તેઓએ આ તબક્કે સાબરમતી મંડલ, રેલ મંત્રાલય તેમજ રેલમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજીની સમગ્ર ટીમને અભિનંદન પણ પાઠવ્યા હતા. તેઓએ કહ્યું હતુંકે આજે કોઈ વિશ્વાસ ન કરી શકે કારણ કે ૮૦ ના દાયકામાં રિક્ષા માટે ૨ કી.મી ચાલવુ પડતું હતું. રેલ યાત્રીઓની સુવિધા, સુરક્ષા તેમજ કનેક્ટિવિટીની દ્રષ્ટિએ આમૂલચૂર પરિવર્તન આપણા સૌની સમક્ષ છે. આ રેલ્વે સ્ટેશનથી થોડાક ડગલાં ભરતા જ મેટ્રો સ્ટેશન, બસ સ્ટેશન અને ફાસ્ટ્રેક રેલના પ્લેટફોર્મ સુધી ચાલીને જઈ શકાય એ પ્રકારની સુદ્રઢ વ્યવસ્થા પૂર્ણ રૂપે કરવામાં આવી છે. રૂ. ૧૪૭૨ કરોડના ખર્ચે જે લોકાર્પણ અને શિલાન્યાસ થયા છે તે આવનાર દિવસોમાં આ ક્ષેત્રના મુસાફરો માટે ખૂબ લાભદાયી સાબિત થશે. રૂ.૭૦૦ કરોડથી WAG ૧૨ લોકોમેટિવ મેન્ટેનન્સ શેડ અહીંયા નિર્માણ કરવામાં આવ્યા છે. રૂ. ૪૮ કરોડના ખર્ચે સુરક્ષા માટે સાબરમતી, કલોલ રેલખંડ ઉપર કવચ પ્રણાલીની શરૂઆત થઈ છે.

શ્રી શાહે LNG ટ્રેન તેમજ WAG12 વિશે ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આ એન્જિન ૧૨૦૦ હોર્સપાવરની ટ્વિન્સસેક્શનની ક્ષમતા ધરાવે છે એટલે કે આશરે ૬૦૦ ટ્રક જેટલો સામાન આ એકલું એન્જિન ઉઠાવીને જઈ શકશે. પહેલા બે લોકોમેટિવ લગાવવા પડતા હતા હવે એક જ WAG12 ઉઠાવીને જઈ શકશે જે દેશમાં રેલ્વેને ઈતિહાસમાં મહત્વપૂર્ણ નકશા પર પહોંચાડશે. આજે LNG થી ચાલનાર ટ્રેનનું પણ લોકાર્પણ થયું છે જે આવનાર દિવસોમાં પર્યાવરણની સુવિધાનું કાર્ય કરશે. ૨૦૧૪ થી જ્યારે નરેન્દ્રભાઈ મોદીજીની સરકાર આવી છે ત્યારથી રેલ્વે માટે અનેક પ્રકારની નવી સુવિધાઓ બનાવી, આધુનિકરણ કર્યું અને હવે મુંબઈ પોર્ટથી વડોદરા સુધી પ્રથમ લોંગ હોલ્ડ ડબલ સ્ટેક કન્ટેનર ટ્રેનનું સફળતા પૂર્વક ટ્રાયલ સંપન્ન થઈ ગયો છે. કલ્પના કરી શકાય છે કે દેશમાં માલના આવન જાવન માટે ટ્રેક ઓછા છે પરંતુ આ સમયે જો ડબલ ડેકર માલગાડીની કલ્પના સફળ થઈ જાય તો માલવહનની ક્ષમતા બે ગણી થઈ જશે અને ભારતની જરૂરિયાતને ૨૦૪૦ સુધી પૂર્ણ કરવા સક્ષમ થઈ જશે. આ વાતો પર કોઈનું ધ્યાન નથી જતું પરંતુ હવે ૧૧ હજાર કી.મી લાંબી ગલીઓ ૪ લેન નેટવર્કમાં પરિવર્તિત થઈ જશે. માત્ર રેલવેમાં જ ડેડિકેટેડ ફ્રેડ કોરિડોર, રેપિડ રેલ સિસ્ટમ, પ્રીમિયમ સ્ટેશન જેવી તમામ સુદ્રઢ સુવિધાઓ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં જ શરૂ થઈ છે. અને હમણાં જ હાઈડ્રોજન પર ચાલતી ટ્રેનનું ઉદ્ઘાટન કરી ભારતને દુનિયાના ૪ દેશોમાં રાખવાનું કાર્ય કર્યું છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, રેલવેના આસપાસના લોકોને ખબર છે શું સ્થિતિ હતી, બાયો ટોઈલેટ જેટલા પણ નિર્માણ પામ્યા તેમાંથી ૯૭% નરેન્દ્રભાઈ મોદીજીના શાસનમાં બન્યા. LBH કોચનું ઉત્પાદન ૮૭% ભારતમાં મોદીજીના શાસનમાં થયું. રેલવેનું વિદ્યુતીકરણ પહેલા ૩૦% થયું હતું મોદીજીના શાસનમાં આવ્યા બાદ ૭૦% થયું. રેલ્વે સુરક્ષા બજેટમાં ૬૭% ની વૃદ્ધિ થઈ, લોકોમેટિવ ઉત્પાદનની ક્ષમતામાં ૬૬% વૃદ્ધિ મોદીજીના શાસનમાં જ થઈ છે. નવા નિર્માણ થયેલું એન્જિનના ૯૪% ટકા ભારતમાં જ ઉત્પાદન અને નિર્માણ થયું છે આવનાર સમયમાં તે ૧૦૦% સંપૂર્ણ ભારતમાં બનશે તેવી તૈયારી પણ છે. આ દ્રષ્ટિ છે કોઈ નેતાની હોય તો તે નરેન્દ્રભાઈ મોદી છે. "Make In India" અને "આત્મનિર્ભર ભારત" નો કોન્સેપ્ટ મોદીજીએ લોન્ચ કર્યો તેનું આ પરિણામ છે. ૨૦૧૬ માં ૨૯૩ કરોડ લીટર ડીઝલ ટ્રેનમાં વપરાતું હતું જ્યારે ૨૦૨૪-૨૫માં ૧૦૮ કરોડ લિટર છે જે ૨૦૩૦માં ઝીરો કરીને ભારતીય મુદ્રા બચાવવાનું કાર્ય કરશે. ૨૦૧૦-૧૧માં વિદ્યુતીકરણ ૭૫ કી.મી હતું જે ૨૦૨૪-૨૫માં એક જ વર્ષમાં ૭૧૮૮ કી.મી સુધીનું વિદ્યુતીકરણ થયું છે. જે ૯૯.૬% રેલ્વે વિદ્યુતીકરણ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે માત્ર ૦.૪ % જેટલું બાકી પણ પૂર્ણ થઈ જશે. બાકીના દેશોમાં જેમ કે, ચીનમાં ૯૨%, સ્પેનમાં ૬૮%, ફ્રાન્સમાં ૬૦% અને બ્રિટન જેવા નાના દેશમાં ૪૯% વિદ્યુતીકરણ થયું છે જ્યારે ભારત ૧૦૦ ટકા પ્રાપ્ત કરીને આગળ નીકળી જશે. વિશ્વમાં માત્ર સ્વીડનમાં જ ૧૦૦ ટકા વિદ્યુતીકરણ થયું છે પરંતુ ભારત અને સ્વીડનની રેલ કનેક્ટિવિટીમાં ૧૦ ગણો ફર્ક છે. અશક્ય કાર્યો સુચારુ રૂપે પરિપૂર્ણ થયા છે તે માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ શક્ય બન્યું છે. રેલ્વેનું ગુજરાતનું બજેટ ૨૦૦૯ થી ૧૪ સુધીનું રૂ.૫૮૯ કરોડ સુધી હતું જ્યારે, માત્ર વર્ષ ૨૦૨૬-૨૭ નું બજેટ રૂ.૧૭,૩૬૬ કરોડ છે આ વિકાસનું અંતર સ્પષ્ટ છે. કોંગ્રેસીઓ પાયાવિહોણી વાતો કરે છે ત્યારે દેશની જનતાએ એમને આંકડાઓ સાથે જવાબ આપવો જોઈએ કે શું કર્યું હતું આટલા વર્ષ?, રૂ.૧૨ લાખ કરોડના ગફલા, ગોટાળાઓ અને ભ્રષ્ટાચાર સિવાય કશું જ ન કર્યું. આજે દેશના વડાપ્રધાનશ્રી મોદીજી ઉપર ૧૨ વર્ષમાં ૪ પૈસાનો પણ ભ્રષ્ટાચારનો આરોપ નથી લાગ્યો. અંતે શ્રી શાહે પશ્ચિમ અમદાવાદ તેમજ સાબરમતીના પ્રજાજનોને આ વિકાસની સ્વર્ણિમ યાત્રા બદલ અભિનંદન તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવા અને જનકલ્યાણના ૨૫ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે દેશભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ સત્તાને સેવાનું માધ્યમ બનાવી દેશના છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડ્યો છે. કલમ ૩૭૦ નાબૂદ કરવી, આંતરિક સુરક્ષા મજબૂત બનાવવી તેમજ નક્સલવાદ સામે નિર્ણાયક નીતિ અપનાવવા જેવા અશક્ય લાગતાં કાર્યો વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના અથાક પરિશ્રમથી સાકાર થયા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે દેશની પ્રથમ LNG સંચાલિત ટ્રેનની શરૂઆતને પશ્ચિમ રેલવે અને અમદાવાદ ડિવિઝન માટે ગૌરવપૂર્ણ અવસર ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ક્લીન અને ગ્રીન એનર્જી તરફ આ પહેલ એક મોટું કદમ છે. તેનાથી ઈંધણ ખર્ચ ઘટાડવાની સાથે કાર્બન ઉત્સર્જન નિયંત્રિત કરવામાં પણ મદદ મળશે. સરકાર 'ઈકોનોમી અને ઈકોલોજી' બંનેને સાથે લઈને આગળ વધી રહી છે. રેલવેમાં ૯૯ ટકા ઈલેક્ટ્રિફિકેશન, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને હાઈડ્રોજન ટ્રેન જેવી પહેલો ભારતીય રેલવેને આધુનિક તથા પર્યાવરણ-અનુકૂળ બનાવી રહી છે. ગુજરાતના ઝડપી ઔદ્યોગિક વિકાસને અનુરૂપ રાજ્યના રેલવે માળખાને ભવિષ્યલક્ષી બનાવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપરાંત ૫ વંદે ભારત, ૧ અમૃત ભારત અને ૧ નમો ભારત ટ્રેનની ભેટ મળી છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજ્યના ૮૭ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ થઈ રહ્યો છે તથા રૂ. ૧.૨૮ લાખ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં ભારતીય રેલવે સલામતી, ઝડપ અને આધુનિક ટેકનોલોજી સાથે દેશના પરિવહનની મજબૂત કરોડરજ્જુ બની રહેશે.

આ પ્રસંગે અમદાવાદ મેયરશ્રી હિતેશભાઈ બારોટ, ગુજરાત સરકારના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, સાંસદશ્રી હસમુખભાઈ પટેલ, અમદાવાદ શહેર ભાજપા અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ, ધારાસભ્યશ્રીઓ શ્રી અમિતભાઈ શાહ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી બાબુભાઈ પટેલ, શ્રી અમૂલભાઈ ભટ્ટ, શ્રીમતી કંચનબેન રાદડિયા, શ્રીમતી પાયલબેન કુકરાણી, શ્રી વેદપ્રકાશ મંડલ સહિત પ્રદેશ તેમજ જિલ્લાના હોદ્દેદારશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કિંજલ રબારી અને અશોક ચૌધરીના છુટાછેડા કેસમાં મોટો વળાંક: મુદત હોવા છતાં કોર્ટમાં ન થયા હાજર

પ્રતિનિધિ,ગાંધીનગર

સીંગર કિંજલ રબારી અને અશોક ચૌધરી વચ્ચેના પ્રેમલગ્ન તેમજ ત્યારબાદ ઉભા થયેલા છુટાછેડાના હાઈપ્રોફાઈલ વિવાદમાં એક નવો મોડ આવ્યો છે. રાધનપુર કોર્ટમાં વિવાદીત કેસની સુનાવણીની તારીખ નિયત કરવામાં આવી હતી. જો કે બપોરના સમયે વકીલો હાજર રહ્યા હોવા છતાં કિંજલ રબારી કે અશોક ચૌધરી બંનેમાંથી કોઈ પણ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહ્યા ન હતા. પક્ષકારોની ગેરહાજરીને પગલે અદાલતે કેસની આગામી સુનાવણી માટે ૬ ઓક્ટોબર ૨૦૨૬ ની નવી તારીખ જાહેર કરી છે. ઉલ્લેખનીય છે કે કિંજલ રબારીએ અશોક ચૌધરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ પરીવારની નારાજગીના કારણે બંને એક સાથે રહી શકયા ન હતા. ત્યારબાદ કિંજલ રબારીએ કોર્ટમાં છુટાછેડાની અરજી દાખલ કરી હતી. જો કે પાછળથી ગાયીકાએ પોતે જ ખુલાસો કર્યો હતો કે તેમણે કૌટુંબિક દબાણ હેઠળ આવીને ડિવોર્સની અરજી કરી હતી. આ કેસમાં ગઈકાલે કિંજલ રબારીને તેમના પરીવાર સાથે કોર્ટમાં હાજર થવાનો આદેશ હતો. પરંતુ તેઓ ગેરહાજર રહ્યા હતા. આ સમગ્ર વિવાદ ચાલુ વર્ષના માર્ચ મહિનામાં ભારે ચર્ચામાં આવ્યો હતો. તે સમયે કિંજલ રબારીના મૈત્રી કરાર મુકેશ દેસાઈ સાથે કરવામાં આવ્યા હતા. આ દરમિયાન એક ગાડીમાં કિંજલ રબારી બેસીને જતા સીસીટીવી ફુટેજ બહાર આવતા મુકેશ દેસાઈએ



અપહરણનો આક્ષેપ મુકી પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પરંતુ ગાયીકા કિંજલ રબારીએ સોશીયલ મીડીયા પર એક વિડીયો જાહેર કરીને તમામ અફવાઓનો અંત લાવ્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ પોતાની મરજીથી જ તેમના પહેલા પતિ અશોક ચૌધરી પાસે પાછા ફર્યા છે. ત્યારબાદ કિંજલ અને અશોક હાઈકોર્ટ સમક્ષ પણ હાજર થયા હતા. જયાં ગાયીકાએ સ્વેચ્છાએ અશોક ચૌધરી સાથે રહેવાની ઈચ્છા વ્યકત કરી હતી. હવે સૌની નજર ૬ ઓકટોબરના રોજ રાધનપુર કોર્ટમાં થનારી સુનાવણી પર ટકેલી છે કે શું કિંજલ રબારી અનો અશોક ચૌધરી અદાલતમાં હાજર થઈને પોતાનો પક્ષ રજુ કરે છે કે કેમ.

# ભાવનગર થી અમરેલી સુધીના હજારો ખેડુતો એક મંચ પર આવશે : ૩૦ સપ્ટે. મહાસંમેલનનુ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર જિલ્લાના જેસર તાલુકામાં ખેડુતો, માલધારીઓ અને પશુપાલકોના વિવિધ પ્રશ્નોને લઈને ખેડુત મહાસંમેલન નુ આયોજન કરવામાં આવ્યુ છે. જેસર તાલુકા સરપંચ એસોસીએશન દ્વારા આગામી ૩૦ સપ્ટેમ્બરે જેસર-મહુવા રોડ પર સાવરકુંડલા ચોકડી ખાતે આ મહાસંમેલન યોજાશે. આ મહાસંમેલનમાં સવારે ૯ વાગ્યાથી ખેડુતો, માલધારીઓ, પશુપાલકો, ખેતમજુરો અને ભાગીદારો એકઠા થવાની શકયતા છે, આયોજકો દ્વારા ભાવનગર ઉપરાંત અમરેલી, ગીર સોમનાથ અને જુનાગઢ સહિતના જિલ્લાઓના સરપંચો અને ખેડુતોને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે.




મહાસંમેલન પાછળનો મુખ્ય મુદ્દો સિંહ દિપડા હટાવો, માણસ પશુ બચાવો, રાખવામાં આવ્યો છે, ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય જીવોની અવર જવરથી ખેડુતો અને પશુપાલકોને પડતી મુશ્કેલીઓ અંગે અવાજ ઉઠાવવાની તૈયારી છે. ખાસ કરીને ખેડુતો અને પશુપાલકોની સુરક્ષા તથા પશુધનને થતા નુકશાનના મુદ્દાને વનવિભાગ અને સરકાર સમક્ષ રજુ કરવાની તૈયારી કરવામાં આવી છે. આ ઉપરાંત રોઝડા (નીલગાય) ના ત્રાસનો મુદ્દો પણ મહાસંમેલનમાં મુખ્યત્વે ઉઠાવવામાં આવશે. ખેડુતોના જણાવ્યા મુજબ ખેતરોમાં રોઝડાના પ્રવેશને કારણે ખેતી પાકને નુકશાન થતુ હોવાની ફરીયાદો છે. આથી રોઝડા હટાવો, ખેતીપાક બચાવો ની માંગ સાથે ખેડુતો પોતાની રજુઆત કરશે. જેસર તાલુકા સરપંચ એસોસીએશન દ્વારા આ મહાસંમેલનમાં ભાવનગર, અમેરલી, ગીર સોમનાથ અને જુનાગઢ સહિતના વિસ્તારોમાંથી ખેડુતો અને સરપંચોને જોડાવવા અપીલ કરવામાં આવી છે. સાથે જ માલધારીઓ, પશુપાલકો, ખેતમજુરો અને ભાગીદારોને પણ મોટી સંખ્યામાં હાજર રહેવા આહવાન કરવામાં આવ્યુ છે. આયોજકોનો હેતુ ખેડુતોની સમસ્યાઓ, વેદના અને આક્રોશને એકમંચ પર લાવી તેને સરકાર તેમજ વનવિભાગ સુધી પહોચાડવાનો છે. હવે ૩૦ સપ્ટેમ્બરે યોજાનારા આ મહાસંમેલનમાં ખેડુતો કયા મુદ્દાઓ ઉઠાવે છે અને સરકાર તેમજ વનવિભાગ સમક્ષ કેવી રજુઆત કરે છે તેના પર સૌની નજર રહેશે.

# કચ્છ જિલ્લાના રાપરમાં પરીક્ષામાં ઓછા માર્કસ આપવાનો ડર બતાવી આચાર્ય એ છાત્રા સાથે દુષ્કર્મ આચર્યુ : સ્કુલના આચાર્યની ધરપકડ

ભાનુ ગોહિલે પરીક્ષામાં ઓછા માર્કસ આપવાની બીક બતાડીઃ ગૃહમાતાનો જવાબ સાંભળી પિતા હતપ્રભ થઈ ગયા હતા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના નિલપર ગામમાં આવેલી ગ્રામ સ્વરાજ સંઘ સંસ્થામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને પરીક્ષામાં ઓછા માર્કસ આપવાનો ભય બતાવી નરાધમ આચાર્ય એ દુષ્કર્મ ગુજાર્યુ હતું. ત્યારે શિક્ષણ જગતને શર્મસાર કરતા બનાવની ગંભીરતા પારખી પોલીસે ગણતરીના સમયમાં આરોપી આચાર્યની ધરપકડ કરી લીધી છે. જયારે અન્ય આરોપીને ઝડપી લેવા માટે ના ચક્રો ગતિમાન કર્યા છે.

રાપર પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગઈ તારીખ ૧૩ ઓગસ્ટે સાંજના સમયે આ ચકચારી ઘટના બની હતી. તાલુકાના




નીલપર ગામમાં આવેલી ગ્રામ સ્વરાજ સંઘ છાત્રાલયમાં અભ્યાસ કરતી છાત્રાને આચાર્ય વિપુલ ભાનુ ગોહિલે પરીક્ષામાં ઓછા માર્કસ આપવાની બીક બતાડી હતી. ત્યારબાદ પીડીતાને પોતાના રૂમની પાછળ આવેલી અવાવરૂ જગ્યામાં બોલાવી જાતિય શોષણ કરી દુષ્કર્મ ગુજાર્યુ હતું. આ બાબતે પીડીતાના પિતાએ ગૃહમાતા પુજાબેન ગોહિલને જાણ કરતા પુજાબેને કોઈને જાણ કરવાની ન હોય તેવુ કહ્યુ હતું. ગૃહમાતાનો જવાબ સાંભળી પિતા હતપ્રભ થઈ ગયા હતા અને સંસ્થાના મંત્રી દિનેશ સંઘવી તથા સંસ્થાના વ્યવસ્થાપક અનિરૂધ્ધસિંહ પાસે ગયા હતા. પરંતુ લાજવાને બદલે આરોપીઓએ પોલીસ કેસ ન કરશો તમારૂ નામ ખરાબ થશે, તેવુ કહી પીડીતા અને તેના પિતાને ધમકી આપી હતી. આ દરમિયાન મામલો બહાર આવતા પોલીસે ચારેય લોકો વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારબાદ ગુન્હામાં સંડોવાયેલો આચાર્ય વિપુલને આણંદ ખાતેથી ઝડપી લેવામાં આવ્યો હતો. આ અંગે રાપર પીઆઈ આર એલ ખટાણાનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે આરોપી વિપુલની ધરપકડ કરી લેવામાં આવી છે.

માઈક્રોચિપથી માલિકની થશે ઓળખ

# પાલતૂ પ્રાણીને રસ્તા પર છોડી દેશો તો થશે ૨૫,૦૦૦નો દંડ

ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન એ આ નિયમ એવા સમયે લીધો છે જ્યારે નગર નિગમને ફરિયાદો વધારે પ્રમાણમાં મળવા લાગી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

એવા ઘણા કિસ્સા બનતા હોય છે જેમાં લોકો પોતાના પાલતુ પ્રાણીને અમુક સમય પછી રસ્તા પર છોડી અને જતા રહે છે. આ પ્રકારની ઘટનાઓ અટકે અને લોકો પોતાના પાલતુ કુતરા અને બિલાડીને રસ્તા પર ન છોડી દે તે માટે ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન એ નવો નિયમ લાગુ કર્યો છે. અને અંતર્ગત રસ્તા પર પાલતુ પ્રાણીઓને છોડી દેવા પર માલિકને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. પાલતુ પ્રાણી રસ્તા પર મળશે તો તેના માલિકની ઓળખ માઈક્રોચીપ વડે કરવામાં આવશે.



ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન એ આ નિયમ એવા સમયે લીધો છે જ્યારે નગર નિગમને એવી ફરિયાદો વધારે પ્રમાણમાં મળવા લાગી છે જેમાં લોકો પોતાના પાલતુ પ્રાણીને થોડા સમય પછી રસ્તા પર મૂકીને જતા રહે છે. ઘણા લોકો એવું કરતા હોય છે કે ઘરમાં પેટ ડોગ કે કેટ લાવે થોડો સમય રાખે અને પછી જ્યારે તેને સાચવી શકાય તેવી સ્થિતિ ન હોય એટલે તેને રસ્તા પર છોડીને જતા રહે. આવી ઘટનાઓ અટકે તે માટે દંડની જોગવાઈ અમલમાં મૂકવામાં આવી છે. રસ્તા પર છોડાયેલું ડોગ કે કેટ કે અન્ય કોઈપણ પ્રાણીના માલિક કોણ છે તે જાણવા માટે કોર્પોરેશન દરેક લાયસન્સ વાળા પ્રાણીને તેના માલિક સાથે જોડવા માટે માઈક્રોચિપ નો ઉપયોગ કરે છે. માઈક્રોચિપ માં માલિકનું નામ, એડ્રેસ અને પ્રાણીને આપેલી એન્ટી રેબીઝ વેક્સિનની જાણકારી હશે. માઈક્રો ચીપિંગ પછી જો કોઈ પાલતુ પ્રાણી રસ્તા પર લાવારીસ અવસ્થામાં મળશે તો માઈક્રોચીપ વડે તેના માલિકને ઓળખ મેળવવામાં આવશે અને પ્રાણીને તરછોડનારને દંડ ફટકારવામાં આવશે.

ચેન્નઈ કોર્પોરેશનના માઈક્રોચિપના નિયમથી એ જાણવું પણ સરળ થઈ જશે કે પાલતુ પ્રાણીઓને દર વર્ષે એન્ટિ રેબીઝ વેક્સિન લાગી રહી છે કે નહીં. શહેરમાં રહેતા અને પાલતુ પ્રાણી રાખતા દરેક વ્યક્તિએ તેના પ્રાણી માટે લાયસન્સ લેવું ફરજિયાત છે. લાઈસન્સ વાળા પ્રાણીઓ માટે માઈક્રોચિપ નો ઉપયોગ કરવામાં આવશે. નવા નિયમ પછી પાલતુ પ્રાણીઓ માટે માઈક્રોચીપ પણ અનિવાર્ય થઈ જશે.

ચેન્નઈ કોર્પોરેશન દ્વારા ઓનલાઈન પેટ લાઈસન્સિંગ સિસ્ટમ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં શરૂ કરવામાં આવી હતી. આ વર્ષે જુલાઈ મહિના સુધીમાં કુલ ૭૮,૨૩૨ પ્રાણીઓનું લાઈસન્સ ઈસ્યૂ કરવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષ દરમિયાન એવી ફરિયાદો પણ વધી છે જેમાં લોકો પોતાના પાલતુ પ્રાણીને તો છોડી દેતા હોય છે. આ વાતને ધ્યાનમાં રાખીને અને પાલતુ પ્રાણીઓને છોડી ન દેવામાં આવે તે માટે કોર્પોરેશનને ૨૫,૦૦૦ ના દંડનો નિયમ બનાવ્યો છે.

# કોંગોમાં લેક કિવુમાં ૫૦થી વધુ લોકોને લઈ જતી હોડી પલટીઃ ૧૨નાં મોત, અનેક લાપતા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોંગો

પૂર્વ કાંગોમાં લેક કિવુ (કિવુ તળાવ) ખાતે વેપારીઓને લઈને જઈ રહેલી એક બોટ પલટી જતાં ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૨ લોકોનાં મોત થયાં છે, જ્યારે મોટી સંખ્યામાં મુસાફરો હજુ પણ લાપતા હોવાથી શોધખોળ ચાલી રહી છે. કિસ્કેહે ગામના વડા ફેલિક્સ હાબિરાગીના જણાવ્યા મુજબ, બોટમાં ૫૦થી વધુ લોકો સવાર હતા. આ અકસ્માત દક્ષિણ કિવુ પ્રાંતના ઈદજ્વી વિસ્તારમાં બન્યો હતો. ઘટના બાદ તાત્કાલિક રાહત અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે અત્યાર સુધીમાં આશરે ૧૫ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવાયા છે, પરંતુ હજુ પણ ઘણા લોકો ગુમ હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. બોટ કયા કારણોસર પલટી ગઈ તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી અને તંત્ર દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

# સફરજનથી પણ બે-ત્રણ ગણા ભાવે વેચાતા લીંબુનો ભાવ ગ્રાહકોના દાંત હવે વધુ ખાટા કરી રહ્યા છે

(નીડર , નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત ગુજરાતમાં ગરમીની જ્યારે શરૂઆત થઈ રહી છે. વાતાવરણમાં બફારો વર્તાઈ રહ્યો છે ત્યારે ગરમી મે ભી ઠંડીકા અહેસાસ કરાવનારું લીંબુ શરબત ગ્રાહકોના દાંત વધુ ખાટા કરી રહ્યું છે. કારણ કે લીંબુના ભાવ એટલા બધા વધી ગયા છે જેની કલ્પના પણ ન કરી શકાય. રૂ. ૩૦૦ થી ૪૦૦ રૂ. કિલો એટલે કે મીઠાઈ જેટલો ભાવ થઈ ગયો. સફરજન જેવા મોંઘા ફળ પણ તેની સામે અડધા ભાવે વેચાય છે. જ્યારે ગરીબ પરિવારોએ તો લીંબુ ભૂલી જ જવાના ને મધ્યમવર્ગને પણ લીંબુના ભાવ પરવડે એવા નથી. સામાન્ય રીતે એપ્રિલ-મે મહિનામાં લીંબુના ભાવ વધે છે. ઉનાળામાં લીંબુની ડિમાન્ડ વધે એટલે ભાવ ઉંચકાય એ સમજાય એવું છે પણ આ વખતે સપ્ટેમ્બરથી ભાવ વધી ગયા તે મોટો સવાલ છે. એક મહિના પહેલાં યાર્ડમાં ૨૦ કિલો લીંબુનો ભાવ રૂપિયા ૧૦૦૦ થી ૧૫૦૦ હતો, જે અત્યારે ૨૦૦૦ થી ૪૦૦૦ રૂપિયાના ૨૦ કિલોએ પહોંચ્યો છે. આ ઐતિહાસિક સ્તર છે. છુટક બજારમાં એક કિલો લીંબુ માટે ૨૫૦ થી ૩૦૦ રૂપિયા ચૂકવવાનો વારો આવ્યો છે. લીંબુના ભાવ વધવાનું કારણ એ છે કે અત્યારે ગરમી બહુ પડે છે એટલે ડિમાન્ડ વધી છે. તેની સામે લીંબુનો પાક નથી. મહિના પહેલાં યાર્ડમાં રોજ ૧.૫ લાખ કિલો લીંબુ ઠલવાતા હતાં, જેની સામે અત્યારે માત્ર ૪૦ હજાર કિલો આવક થઈ રહી છે. જેટલો પાક આવી રહ્યો છે તેના કરતાં ચાર ગણી માંગ થઈ રહી છે. વરસાદ ખૂબ ઓછો થવાથી પાકને નુકશાન પહોંચ્યું છે. ઝડપથી પાકતા શાકભાજીના રોકડિયા પાકના ઉત્પાદનમાં ઘટ આવી છે અને અનિયમિત વરસાદથી બગાડના કારણે શાકભાજી મોંઘા થઈ ગયા છે. ઓછા વરસાદના કારણે ઝાડ પરના લીંબુ બગડવા લાગ્યા છે.

# ભારતીય અર્થતંત્રમાં સૌથી લાચાર, સૌથી વધુ શોષિત વર્ગ એટલે મધ્યમવર્ગીય પગારદાર વર્ગ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત ભારતમાં જે રીતે મોંઘવારી માઝા મૂકી રહી છે, ત્યારે બે-પાંચ કે સાત રૂપિયાનો વધારો દેખીતી રીતે મોટો લાગતો નથી પણ રોજીંદી વસ્તુઓનું ટોટલ મહિને આકરું પડે છે. કારણ કે આપણે કહીએ છીએ કે માત્ર પાંચ જ રૂપિયા વધ્યા છે ને? બે રૂપિયામાં શું મોટું આભ તૂટી પડવાનું હતું? ચાના એક કપ જેટલો જતો આ દૈનિક વધારો છે.

જ્યારે સરકારી પક્ષના પ્રવક્તાઓ, ટીવી સ્ટુડિયોના આર્થિક વિશ્લેષકો અને કોર્પોરેટ જગતના નીતિ નિર્માતાઓ જ્યારે આપણો તર્ક આપે છે ત્યારે તેઓ સામાન્ય ભારતીય પરિવારની વાસ્તવિકતાથી ઘણાં જ દૂર હોય છે. સવારની ચાથી લઈને રાતના ભોજન સુધી, ઘરથી ઓફિસ જવા સુધી અને બાળકોના ભણતર સુધી આજે દરેક સામાન્ય માણસના જીવનનો લગભગ દરેક ભાગ મોંઘવારીના હિસાબ-કિતાબમાં જ પસાર થઈ રહ્યો છે. કોઈ વસ્તુના ભાવમાં પરચૂરણ નો વધારો પહેલી નજરે બહુ નાનો આંકડો લાગે છે અને સામાન્ય વધારો કહીને તેને સરળતાથી અવગણી દેવામાં આવે છે.

પરંતુ પ્રશ્ન એ છે કે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં વસ્તુઓ સસ્તી થાય છે ત્યારે તેનો લાભ સામાન્ય નાગરિક સુધી કેમ પહોંચાડવામાં આવતો નથી? જ્યારે ક્રૂડ ઓઈલ સસ્તું થાય છે, ત્યારે ભાવ ઘટાડવાને બદલે સરકાર ડ્યૂટી વધારી દે છે, જ્યારે ક્રૂડ મોંઘુ થાય છે, ત્યારે તરત જ વૈશ્વિક સંકટનું લેબલ લગાવીને બોજ પ્રજાના માથે નાખી દેવાય છે. આ અન્યાયી નીતિનો ભોગ આખરે આમ આદમી જ બને છે.

આમ સરકારની નબળી નીતિઓ અને અવિચારી પગલાંને કારણે દેશનો મધ્યમવર્ગ પિસાઈ રહ્યો છે. મધ્યમવર્ગ ગરીબ નથી કે અતિ-ધનાઢ્ય પણ નથી એટલે તેઓ પોતાની આવકને કન્સલ્ટિંગ કે કંપની ખર્ચ કે ટેક્સ હેવનમાં છુપાવી શકતા નથી. બીજી તરફ તેમનો પગાર નિશ્ચિત છે, આવક સ્ત્રોત એક જ છે અને બીજી તરફ નોકરી જતાં મધ્યમવર્ગ પરિવારો સતત વધતા ખર્ચને પહોંચી વળવા માટે પેટે પાટા બાંધીને જીવવા મજબૂર થાય છે.

જ્યારે બીજી તરફ વાસ્તવિક મોંઘવારીનો દર સત્તાવાર આંકડા કરતાં ક્યાંય વધુ, લગભગ ૧૦% થી ૧૨% ની આસપાસ હોય છે. પરિણામે પગારદાર વર્ગની વાસ્તવિક આવક દર વર્ષે વધવાને બદલે ઘટી રહી છે. ગઈકાલે જે જીવનધોરણ રૂ. ૩૦,૦૦૦ માં જળવાતું હતું, આજે તે જ જીવનધોરણ જાળવવા રૂ. ૩૮,૦૦૦ જોઈએ. જ્યારે આવક વધતી નથી ત્યારે પરિવાર ખર્ચ પર કાપ મૂકે છે. આમ આર્થિક નિષ્ણાતો જે "ફુગાવો" કહે છે એ મધ્યમવર્ગ માટે "આર્થિક કટોકટી" છે.

ગાંધી રોડ પર કામ કરેલા કોન્ટ્રાકટરને બ્લેકલીસ્ટ ન કરવામાં ધારાસભ્યનો રોલ : પૂર્વ સદસ્ય

# હિંમતનગર નગરપાલિકાના વિકાસ કામોમાં ધારાસભ્યની દખલગીરી પાર્ટીને નુકશાન પહોંચાડી શકે છે




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર નગરપાલિકાના વિકાસના કામોમાં ધારાસભ્ય દખલગીરી કરતા હોવાની ભાજપના પૂર્વ સદસ્ય દ્વારા કહેવામાં આવતા હોવાને લઈ ધારાસભ્યની વિકાસના કામોમાં દખલગીરી કયાંક પાર્ટીને નુકશાન પહોચાડે તો નવાઈ નહી,

શહેરના ગાંધી રોડ ઉપર કરોડો રૂપીયાના ખર્ચે નવો રોડ રસ્તો બનાવવામાં આવ્યો છે. આ રોડ રસ્તો બનાવવામાં કોન્ટ્રાકટર દ્વારા ગુણવત્તા અને ટકાઉ ન બનવાને કારણે થોડા દિવસો અગાઉ ગાંધી રોડ વિસ્તારના વેપારીઓ દ્વારા સ્વયંભુ બંધ પાળી મૌન રેલી કાઢી નગરપાલિકાના ચીફ ઓફીસરને આવેદનપત્ર આપ્યુ હતું. જેમાં ગાંધી રોડ પરના રોડ - રસ્તો બનાવવામાં ગુણવત્તા અને ટકાઉ ન હોવાને કારણે કોન્ટ્રાકટરને બ્લેકલીસ્ટ કરવામાં આવે તેવી વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી હતી. તો બીજી તરફ નગરપાલિકા તંત્ર દ્વારા આજે રવિવારે ખાડીયા ચારસ્તાથી લગાડી જુની સ્ટેટ બેંક થઈ ટાવર સુધીના રોડ -રસ્તાની યુધ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તો બીજી તરફ પાલિકાના પૂર્વ સદસ્યએ કહ્યુ હતુ કે આ રોડ રસ્તો બનાવવામાં કોન્ટ્રાકટરે ગુણવત્તા અને ટકાઉ બનાવ્યો નથી. જેથી કોન્ટ્રાકટરને બ્લેકલીસ્ટ કરવામાં વારંવાર પાલિકા દ્વારા કહેવામાં આવે છે પરંતુ સ્થાનિક ધારાસભ્ય કોન્ટ્રાકટરને બ્લેકલીસ્ટ કરવામાં અડચણરૂપ બની રહ્યા છે.

લોકમુખે ચર્ચાયેલ મુજબ જો ધારાસભ્ય નગરપાલિકાના વિકાસના કામોમાં અડચણરૂપ બનશે તો આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં વડોદરા, અમદાવાદ અને પાટણ સહિતની પાલિકાઓમાં જે રીતે ચુંટાયેલા સદસ્યોને વિસ્તારના રહીશોનો ભોગ બનવુ પડયુ હતું. તેવી જ રીતે હિંમતનગર નગરપાલિકાના ચુંટાયેલા સદસ્યો ને વિસ્તારના રહીશોનો ભોગ બનવુ પડે તો નવાઈ નહી.

# ગુજરાત સરકારના ટુરીઝમ કોર્પોરેશને કમાવવાનો ધંધો શોધ્યો : જીએમડીસી ગ્રાઉન્ડના ગરબા માટે હવે રૂપીયા થી વેચશે એન્ટ્રી પાસ

વાઈબ્રન્ટ નવરાત્રીમાં રમવા હવે ખીસા ખાલી કરવા પડશે : જીએમડીસી ગ્રાઉન્ડમાં મફત પ્રવેશ બંધ : ટીકીટ ફી અમલી



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે દર વરસે યોજતા રાજય સરકારના શાનદાર અને લોકપ્રિય વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવને લઈને એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી ગુજરાત સરકારના ટુરીઝમ દ્વારા વાઈબ્રન્ટ નવરાત્રીમાં ખેલૈયાઓ અને દર્શકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક (ફ્રી) રાખવામાં આવતો હતો, ત્યાં ચાલુ વરસેથી ગરબા રસીકોએ પ્રવેશ મેળવવા માટે ફી ચુકવવી પડશે, ગુજરાત સરકારના ટુરીઝમ કોર્પોરેશન દ્વારા ચાલુ વરસે પ્રવેશ માટે સશુલ્ક ટીકીટ વ્યવસ્થા અમલી બનાવવામાં આવી છે. જેને પગલે ગરબા શોખીનોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

નવી ટીકીટ વ્યવસ્થા મુજબ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે અલગ અલગ ઝોન માટે ટીકીટના દર નકકી કરવામાં આવ્યા છે. જેમાં સામાન્ય ગરબા રસીકો માટે સેલિબ્રેશન ઝોન ની ટીકીટનો દર રૂપીયા ૧૦૦ થી શરૂ થશે, જયારે ખાસ સુવિધાઓ ધરાવતા પ્રિમિયમ ઝોનમાં પ્રવેશવા માટે ગરબા શોખીનોએ રૂપીયા ૨૦૦ થી લઈને રૂપીયા ૧૨૦૦ સુધીની ટીકીટ ખરીદવી પડશે. આ વહિવટી નિર્ણય બાદ રાજય પ્રવાસન વિભાગ અને આયોજકો દ્વારા વાઈબ્રન્ટ નવરાત્રી માટેની ઓનલાઈન ટીકીટનુ બુકીંગ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વરસે ૧૨ ઓકટોબરથી જીએમડીસી ગ્રાઉન્ડ પર વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવનો ઝાકમઝોળભર્યો પ્રારંભ થવા જઈ રહ્યો છે. અતિશય ભીડ ને નિયંત્રીત કરવા, વ્યવસ્થા જાળવવા અને ગરબા રસીકોને ઉત્કૃષ્ટ પાયાની સગવડો પુરી પાડવાના ઉદેશ થી આ ફી દાખલ કરવામાં આવી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જો કે દર વરસે પરીવાર સાથે નિઃશુલ્ક નવરાત્રી માણતા હજારો લોકો માટે આ આર્થિક બોજ સમાન સાબિત થશે.

૭ દિવસમાં અંબાજી મંદિરને ૩૬.૫ ગ્રામ સોનુ મળ્યું : ૪,૫૨૮ ધ્વજા ચઢાવાઈ

# અંબાજી ભાદરવી પુનમ મહામેળાની પૂર્ણાહુતિ : ૭ દિવસમાં ૪૩ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ શીશ ઝુકાવ્યું



પ્રતિનિધિ,ગાંધીનગર

શકિતપીઠ અંબાજી ખાતે ૨૦ મી થી ૨૬ મી સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ ભાદરવી પુનમ મહામેળો ભકિત, શ્રધ્ધા અને સેવા ભાવના માહોલ વચ્ચે સંપન્ન થયો હતો. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સત્તાવાર ૭ દિવસના ડેટા મુજબ ૪૩,૦૫,૩૯૧ લાખ યાત્રીકોએ અંબાજી ધામની મુલાકાત લીધી હતી. મેળા દરમિયાન ૬૭,૫૭૨ યાત્રીકોએ ગરબા રોપવે નો લાભ લીધો હતો. જયારે એસટીની ૮,૨૦૩ બસ ટ્રીપમાં ૩,૫૦,૬૧૮ મુસાફરોએ પ્રવાસ કર્યો હતો. અન્ન ક્ષેત્રમાં ૪,૯૩,૮૮૯ ભકતોએ ભોજન પ્રસાદ લીધો હતો. તેમજ ૩૨,૩૧,૨૬૩ મોહનથાળના પેકેટનુ વિતરણ કરાયુ હતું. ભંડાર, ભેટ કાઉન્ટર અને ધાર્મિક સાહિત્ય કેન્દ્રની કુલ આવક ૨,૧૬,૪૪,૬૧૯ રૂપીયા નોંધાઈ હતી. ભાદરવી પુનમ મહામેળાના ૭ દિવસ દરમિયાન અંબાજી ધામમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં માઈભકતો ઉમટયા હતા. સત્તાવાર અંતિમ આંકડા મુજબ ૨૦૨૦ થી ૨૬ મી સપ્ટેમ્બર દરમિયાન કુલ ૪૩,૦૫,૩૯૧ યાત્રીકોએ મા અંબાના દર્શન કર્યા હતા. ૨૩ મી સપ્ટેમ્બરે સૌથી વધુ ૧૧,૪૨,૧૨૯ યાત્રીકો નોંધાયા હતા. ભાદરવી પુનમના દિવસે અંબાજી તરફ આવતા માર્ગો પર પદાયાત્રીઓ અને વિવિધ સંઘોનો પ્રવાહ જોવા મળ્યો હતો અને જય અંબે બોલ માડી અંબેના જયઘોષ થી યાત્રાધામ ગુંજી ઉઠયુ હતું. દરમિયાન ગબ્બર રોપવેનો ૬૭,૫૭૨ યાત્રીકોએ લાભ લીધો હતો. એસટી નિગમ દ્વારા ૮,૨૦૩ બસ ટ્રીપ દોડાવવામાં આવી હતી. જેમાં ૩,૫૦,૬૧૮ યાત્રાળુઓએ મુસાફરી કરી હતી. મંદિરના શીખરે કુલ ૪,૫૨૮ ધ્વજાઓ ચઢાવવામાં આવી હતી, અન્નક્ષેત્રમાં ૪,૯૩,૮૮૯ ભકતોએ નિઃશુલ્ક ભોજન પ્રસાદ લીધો હતો. જયારે ૩૨, ૩૧,૨૬૩ મોહનથાળ અને ૪૪,૬૯૬ ચીકીના પેકેટનુ વિતરણ કરાયુ હતું. ભંડાર ૫૦૦ રૂપીયા ભેટ કાઉન્ટર અને ધાર્મિક સાહિત્યકેન્દ્ર મારફતે ૭ દિવસમાં ૨,૧૬,૪૪,૬૧૯ કરોડ રૂપીયાની આવક નોંધાઈ હતી. અંતિમ દિવસે ૩૬,૫૦૦ સોનાનુ દાન મળ્યુ હતું. આરોગ્ય વિભાગ દ્વારા ૩,૦૫,૨૧૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી અને બાળસુરક્ષા હેઠળ ૧,૪૩,૮૮૯ બાળકોની સુરક્ષા કામગીરી કરવામાં આવી હતી. મેળાના પાંચમા દિવસે ૨૪ મી સપ્ટેમ્બરે ૭,૨૩,૮૩૧ યાત્રીકોએ દર્શન કર્યા હતા. ૯,૦૬૦ યાત્રીકોએ રોપ વે નો લાભ લીધો, એસટીની ૧૦૩૬ ટ્રીપમાં ૪૩,૫૧૨ મુસાફરોએ પ્રવાસ કર્યો અને ૭૮૧ ધજાઓ ચઢાવવામાં આવી હતી. આ દિવસે અન્નક્ષેત્રમાં ૫૨,૩૩૪ ભકતોએ ભોજન લીધુ હતું. ૩,૫૩,૬૮૯ મોહનથાળ અને ૬,૩૨૬ ચીકી પેકેટનુ વિતરણ થયુ હતું. ૩૬,૧૮,૫૦૬ રૂપીયાની આવક નોંધાઈ છે.

પેરાસિટામોલ ની જગ્યાએ અપાઈ ડાયાબીટીસની દવા : બાળકોને તાત્કાલીક હોસ્પિટલ માં ખસેડાયા

# આરોગ્ય મંત્રીના શહેર સુરતના પલસાણામાં મમતા દિવસ પર ગંભીર બેદરકારી : રસીકરણ બાદ પાંચ બાળકોને ખોટી દવા અપાતા ખળભળાટ




પ્રતિનિધિ,ગાંધીનગર

આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાના શહેર સુરત જિલ્લાના પલાસણામાં તાજેતરમાં યોજાયેલા મમતા દિવસ કાર્યક્રમમાં આરોગ્યતંત્ર ની એક અત્યંત ગંભીર બેદરકારી બહાર આવી છે. સગર્ભા મહિલાઓ અને નાના બાળકોના સ્વાસ્થ્ય તેમજ રસીકરણ માટે આયોજીત આ કાર્યક્રમમાં રસી આપ્યા બાદ બાળકોને ખોટી દવા આપી દેવામાં આવતી હતી. જેના કારણે પાંચ બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર જોવા મળી હતી. આ ઘટનાએ સ્થાનિક લોકો અને વાલીઓમાં ભારે રોષ અને ચિંતા જગાડી છે. સામાન્ય રીતે નાના બાળકોને રસી આપ્યા બાદ તાવ ન આવે અને દુઃખાવો ન થાય તે માટે પેરાસિટામોલ આપવામાં આવતી હોય છે, પરંતુ પલસાણાના આ બનાવમાં આરોગ્ય કર્મીઓની મોટી ચુક બહાર આવી છે. રસીકરણ બાદ ૫ બાળકોને પેરાસિટામોલના બદલે ગ્લાઈમિપિરાઈડ-૨ એમજી-૨ ની ટેબલેટ આપી દેવામાં આવતી હતી. આ દવા સામાન્ય રીતે ડાયાબીટીસના દર્દીઓનુ સુગર કંટ્રોલ કરવા માટે વપરાય છે. ખોટી દવા લેવાના કારણે બાળકોના શરીરમાં દવાની આડ અસરના લક્ષણો દેખાવા લાગ્યા હતા અને તેમની તબિયત લથડી હતી. બાળકોને દવાની અસર થતા જ વાલીઓના જીવ તાળવે ચોંટયા હતા અને આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ હતી.

પરિસ્થિતિની ગંભીરતા સમજીને પાંચેય બાળકોને સત્વરે સુરતની સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સીવીલ હોસ્પિટલના પીડીયાટ્રીક વિભાગ અને પીઆઈસીયુ (પેડિયાટ્રીક ઈન્ટેન્સિવ કેર યુનિટ ) માં નિષ્ણાંત તબીબોની દેખરેખ હેઠળ તેમની સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી.

રાહતની વાત એ છે કે સમયસર અને યોગ્ય સારવાર મળી જવાને કારણે હાલ તમામ પાંચેય બાળકોની સ્થિતિ એકદમ સ્થિર હોવાનુ તબીબો દ્વારા જણાવવામાં આવ્યુ છે. આ ઘટનાની જાણ થતા જ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ હતું અને તાત્કાલીક ધોરણે તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બેદરકારી સ્પષ્ટ થતા, આ ગંભીર ભુલ માટે જવાબદાર મહિલા હેલ્થ વર્કર ને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત દવાનુ વિતરણ કઈ રીતે થયુ અને અન્ય કોઈ સ્ટાફની સંડોવણી કે બેદરકારી છે કે કેમ તે દિશામાં પણ ઉંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે.

# ગુજરાતમાં પણ યુપીઆઈ ચાર્જીસ વિરૂધ્ધ આંદોલન: બીજી ઓકટોબરે રાજય વ્યાપી બહિષ્કારનુ એલાન




પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા સહિત સમગ્ર ગુજરાતભરમાં યુપીઆઈ ચાર્જીસના મામલે વેપારી વર્ગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોન્ફડ્રેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (સીએઆઈટી) ના ગુજરાત પ્રમુખ પરેશ પરીખના નિવેદન અનુસાર આગામી ૨ ઓકટોબર થી વેપારીઓ આ મામલે મેદાને ઉતરશે અને યુપીઆઈ ચાર્જીસ સામે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ મુદે આજે વડોદરા અને ગુજરાત સ્તરે એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં તમામ વેપારી સંગઠનો ભેગા મળીને આગામી રણનીતી નકકી કરી ને રાજયભરના તમામ વેપારી સંગઠનોનુ ભરપુર સમર્થન પણ મળી રહ્યુ છે. વેપારીઓની મુખ્ય ફરીયાદ એ છે કે શરૂઆતના તબકકે સરકારે વિવિધ પ્રોત્સાહનો આપીને વેપારીઓ તથા ગ્રાહકોને યુપીઆઈ ડીઝીટલ પેમેન્ટ તરફ વાળ્યા હતા. પરંતુ હવે તેના પર ચાર્જીસ લગાડવામાં આવી રહ્યા છે. જે અયોગ્ય છે, વિશેષ કરીને એફએમસીજી (ફાસ્ટ મોવીંગ (કન્ઝયુમર ગુડ્સ ) ક્ષેત્રની વાત કરીએ તો તેમાં વેપારીઓનુ માર્જીન માત્ર ૧ ટકા જેટલુ જ મર્યાદીત હોય છે, આવા સંજોગોમાં કોઈપણ વેપારી પોતાના વ્યવસાયમાં ખોટ ખાઈને નફો નહી કરે, જેના કારણે આર્થિક સંકટ ઉભુ થઈ રહ્યુ છે. વેપારી સંગઠનો સ્પષ્ટપણે માની રહ્યા છે કે જો સરકાર કે સંબંધિત સત્તાધીશો દ્વારા આ મામલે યોગ્ય નિર્ણય નહી લેવાય તો વેપારીઓ પોતાના નફામાંથી આ બોજ સહન નહી કરી, પરીણામે આખરે આ વધારાનો આર્થિક ભાર ચીજ વસ્તુઓના ભાવ વધારા દ્વારા ગ્રાહકો સુધી પહોચશે અને વસ્તુઓ મોંઘી કિંમતે વેચાશે. આ ગંભીર મુદ્દે ૨ ઓકટોબર થી શરૂ થનારૂ આંદોલન રાજયના વેપાર જગતમાં મોટો વળાંક લાવશે તેવી પુરી સંભાવના છે.

# સાગબારામાં જંગલ જમીન પર ખેડાણનો મુદ્દો ફરી ગરમાયો: આદિવાસી ખેડુતોએ આપ્યું ૭ દિવસનુ અલ્ટીમેટમ



પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલ જમીન પર ખેડાણના હક્ક નો મુદ્દો ફરી એકવાર ગરમાયો છે. આજે રવિવારે વન વિભાગ દ્વારા આદિવાસી ખેડુતોને જંગલ જમીન પર ખેડાણ કરતા અટકાવવામાં આવતા મામલો વધુ તંગ બન્યો હતો.

આ દરમિયાન આદિવાસી આગેવાન લીલા વસાવા સહિત ખેડુતો અને વનકર્મીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. ખેડુતોનો દાવો હતો કે તેઓ લાંબા સમયથી જંગલ જમીન પરના પોતાના ખેડાણના હક્ક માટે લડત ચલાવી રહ્યા છે. સાગબારા તાલુકાના વિવિધ ગામોના આદિવાસી ખેડુતો અગાઉ પણ આ મુદ્દે લાંબા સમય સુધી ધરણા પર બેઠા હતા. તે સમયે સરકાર તરફથી ખેડુતોના હક્ક અને પ્રશ્નોના ઉકેલ માટે આશ્વાસન મળ્યા બાદ આદિવાસી આગેવાનો અને ખેડુતોએ પારણા કર્યા હતા. જો કે હવે આંદોલનના પારણાને એક મહિનો વિતી ગયો હોવા છતાં પ્રશ્નનો કાયમી ઉકેલ આવ્યો નથી. એવો ખેડુતોનો આક્ષેપ છે. ખેડુતોનુ કહેવુ છે કે આશ્વાસન બાદ પણ ફરી વનવિભાગ દ્વારા તેમને ખેતી કરતા અટકાવવામાં આવ્યા છે.

આજની ઘટનાની લઈને આદિવાસી આગેવાન લીલા વસાવાએ આક્ષેપ કર્યો છે કે ખેડુતો જયારે ખેડાણ માટે પહોચ્યા ત્યારે વનકર્મીઓએ તેમને અટકાવ્યા અને હળ પકડી લીધા હતા. તેમણે ખેડુતો સાથે ધકકામુકકી , મોબાઈલ ફોન લઈ લેવાની તથા ધમકી આપવાની પણ ફરીયાદ કરી છે. લીલા વસાવાના જણાવ્યા મુજબ ખેડુતો પોતાના હક્ક દાવા સંબંધિત પુરાવા રજુ કરે છે, પરંતુ અધિકારીઓ દ્વારા તેને સ્વીકારવામાં આવતા નથી. તેમણે કેટલાક વનકર્મીઓ દ્વારા પોતાની સાથે પણ ઉધ્ધતઈ વર્તન અને ધમકી આપવામાં આવતી હોવાના આક્ષેપ કર્યા છે. આ તમામ આક્ષેપો અંગે વનવિભાગનો પક્ષ સામે આવ્યો નથી. મામલો ફરી ઉગ્ર બનતા લીલા વસાવા અને આદિવાસી ખેડુતોએ સરકારને ૭ દિવસનુ અલ્ટીમેટમ આપ્યુ છે. ખેડુતોનો દાવો છે કે છેલ્લા બે વરસથી કેટલાક વિસ્થાપિત પરીવારોને ખેતી કરવા દેવામાં આવતી નથી. લીલા વસાવાએ જણાવ્યુ હતુ કે જો આગામી ૭ દિવસમાં ખેડુતોને તેમના હક્ક અંગે યોગ્ય ઉકેલ અને અધિકારપત્ર નહી મળે તો ગાંધીનગર ખાતે મોટી સંખ્યામાં ખેડુતો સાથે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેમણે ખેડુતોને હળ અને લાકડા સાથે ગાંધીનગર પહોચવાની ચીમકી પણ આપી છે. સાગબારામાં જંગલ જમીન પર ખેડાણના હક્કનો મુદ્દો હવે ફરી જાહેર વિરોધ સુધી પહોચ્યો છે. એકતરફ ખેડુતો પોતાના હક્ક અને પેન્ડીંગ દાવાઓનો ઉલ્લેખ કરી રહ્યા છે. તો બીજી તરફ વનવિભાગ દ્વારા ખેડાણ અટકાવવામાં આવ્યુ છે. ખેડુતો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોની સત્તાવાર તપાસ અને વનવિભાગનો પક્ષ સામે આવ્યા બાદ જ સમગ્ર વિવાદની સ્થિતિ વધુ સ્પષ્ટ થશે, હાલ ૭ દિવસના અલ્ટીમેટમ બાદ સરકાર આ મુદ્દે શું કાર્યવાહી કરે છે અને ગાંધીનગરમાં આંદોલનની સ્થિતિ ઉભી થાય છે કે નહી તેના પર નજર રહેશે.

# ગુજરાત ભરતી બોર્ડનો મહત્વપૂર્ણ નિર્ણય: લોકરક્ષક ભરતીમાં ગેરલાયક ઠરેલા ૧૦ ઉમેદવારોને મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજયમાં ૧૪ જૂનના રોજ યોજાયેલી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં ગેરરીતિ સામે આવી હતી. આ મામલાની ગંભીરતાને જોતા CCTV વ્યુઈંગ કમિટી (CCTV Viewing Committee) દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ કમિટીના અહેવાલના આધારે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા કડક કાર્યવાહી કરીને કુલ ૩૮૫ ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા.ગેરલાયક ઠરેલા ઉમેદવારોને ન્યાયિક પ્રક્રિયાના ભાગરૂપે પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી હતી. જે અંતર્ગત કુલ ૨૫ ઉમેદવારોએ ભરતી બોર્ડ સમક્ષ રૂબરૂ હાજર રહીને પોતાની રજૂઆત કરી હતી. ઉમેદવારોના પક્ષને સાંભળ્યા બાદ, ભરતી બોર્ડે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા ૨૫માંથી ૧૦ ઉમેદવારોની રજૂઆતને ગ્રાહ્ય રાખી છે.